પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૪/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૧૦૬


**સુવિચાર**

''બોલાયેલા વેણની નહી, ન છલકાયેલા નેણની વાત જે પામી જાય, એ વ્યકિત જ આપણું અંગત કહેવાય.''


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૦૨

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી<br>ડો. સંદીપ ખેની<br>હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ I ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
અખાત્રિજ ની શુકવંતી ખરીદીનું બુકીંગ કરવા આજે જ પધારો
અમરેલી: માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧ Mo. 99318 90981 Mo. 98250 91721
રાજકોટ: પેલેસ રોડ, ભગવતી ફાર્ટ ફુડની સામે, રાજકોટ - ૩૬૫ ૬૦૧ Mo. 95375 25000

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,39,400/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707


## પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ
*શ્રધ્ધાંજલિ*



### સ્વ. શૈલેષભાઈ હીરાલાલ રૂપારેલીયા
**સ્વ. તા. ૧૮/૦૪/૨૦૨૧, રવિવાર, મુ. અમરેલી.**

સ્નેહનાં સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઊર્મી, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આત્માને પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અર્પિત.....

લી.
અમરેલી એક્સપ્રેસ
રૂપારેલીયા પરિવાર

ધર્મપ્રેમી જનતાને અને સર્વ સમાજને

## જાહેર નિમંત્રણ

શ્રી પરશુરામધામ - અમરેલી દ્વારા આયોજીત
**ભગવાન શ્રી પરશુરામજી પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે**





લોકગાયક શ્રી વિમલ મહેતા
તથા
યુવા ગાયક શ્રી પ્રયાગ મહેતા

**ભવ્ય લોકડાયરો**
તારીખ : ૧૮/૦૪/૨૦૨૬, શનિવાર
રાત્રીના ૮:30 કલાકે,
શ્રી પરશુરામધામ, રેલ્વે સ્ટેશન પાસે

**ભવ્ય શોભાયાત્રા**
તારીખ : ૧૯/૦૪/૨૦૨૬, રવિવાર
સમય : સાંજના ૪:30 કલાકે,
શ્રી નાગનાથ મહાદેવ મંદિરથી શ્રી પરશુરામધામ સુધી.

**મહા આરતી** સમય : સાંજના ૭:30 કલાકે

ભગવાન શ્રી પરશુરામના અવતાર અંશ એવા સૌ ભૂદેવો સહિત અમરેલીની સર્વ સનાતની ધર્મપ્રેમી જનતા દ્વારા સહિયારી શોભાયાત્રા યોજાશે, ભગવાન પરશુરામ પ્રત્યેની આપણી શ્રધ્ધા અભિવ્યક્ત કરવા આ ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમમાં આપને પરિવાર સાથે જોડાવા આગ્રહ ભર્યુ નિમંત્રણ છે.

:: નિમંત્રક ::

તુષાર જોષી,
પ્રમુખશ્રી, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ

શ્રી પરશુરામધામ - અમરેલી
અમરેલી શહેર / જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ પરિવાર

શુભેચ્છક : ચિરાગભાઇ ત્રિવેદી (પ્રમુખ), ગોપાલ ભટ્ટ (મહામંત્રી), ભાવિન ભટ્ટ (મહામંત્રી)

ઉપપ્રમુખ : વિશાલ ઠાકર, વિપુલ દવે, અજય પંડયા, ડો. નિખિલેશ જાની, કિરીટ પાઠક, મુકેશભાઇ પંડયા, ભગીરથ જોષી

**અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજ ટીમ**

### પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલીનાં લાઠી માર્ગ ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ ૬૩૬ સાથે ૩ ઈસમોની અટકાયત કરવામાં આવી

### ૩ પરપ્રાંતિયોની વાહન સહિત રૂપિયા ૧૭.૯ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં ચાલી રહેલ સ્થાનિક ચૂંટણીઓમાં કેટલાંક શખ્શો દારૂની રેલમછેલ કરી નાણાં કમાવવા માટે વિદેશીદારૂ અમરેલીમાં લાવતાં હોવાની બાતમી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતને મળતાં તેમને ઝડપી પાડવા તથા અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. પોલીસ ટીમ ગત રાત્રીના અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારના લાઠી રોડ ઉપર હકિકતના આધારે પોલીસ વોચમાં રહી હતી. ત્યારે એક સફેદ કલરની કારમાં ગેરકાયદેસર ભારતીય



બનાવના વિદેશી દારૂની બોટલો ભરી લાઠી તરફથી અમરેલી તરફ આવતી હતી. તેને રોકી તપાસ કરતાં તેમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ હતો. બીજી ગ્રે કલરની કાર આ વિદેશી દારૂ ભરેલ કાર આગળ પાઈલોટીંગ કરતી આવતી હતી તેને પણ પોલીસે ઝડપી લીધી હતી.

આ બનાવમાં હરીયાણા ગામે રહેતાં આરોપી મનોજ વિરેન્દ્રકુમાર મહેતા તથા રાજસ્થાનના વતની અને હાલ અમદાવાદ રહેતાં રામસિંહ શંભુસિંહ સીસોદીયા તથા રાજસ્થાન રહેતાં શંભુસિંહ કેસરસિંહ સીસોદીયા નામનાં ત્રણ ઈસમોને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો ૧૮૦ એમ.એલ.ની હરીયાણા બનાવટની બોટલ નંગ–૧૯૨ કિંમત રૂા. ૫૭,૬૦૦, ૭૫૦ એમ.એલ.ની હરીયાણા બનાવટની બોટલ નંગ ૧૫૦ કિંમત રૂા. ૧,૮૦,૦૦૦, કલાસિક પ્રીમિયમની ૭૫૦ એમ.એલ.ની હરીયાણા બનાવટની બોટલ નંગ– ૧૪૪, કિંમત રૂ.૧,૮૭,૨૦૦, ગ્રેઈન વોડકાની ૭૫૦ એમ.એલ.ની હરીયાણા બનાવટની બોટલ નંગ ૧૫૦, કિંમત રૂા. ૧,૮૦,૦૦૦ મળી કુલ બોટલ નંગ–૬૩૬ જેની કિંમત રૂપિયા ૬,૦૪,૮૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૬ કિંમત રૂપિયા ૧,૦૫,૦૦૦, એક સફેદ કલરની કાર નં. ડી.એલ. ૭ સી.ટી. ૯૩૪૬ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦, બીજી કાર નં. જી.જે. ૦૩ કે.પી. ૩૩૧૨ કિંમત રૂા. ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૭,૦૯,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, પકડાયેલ આરોપીઓ તથા આ બનાવમાં સંડોવાયેલ અન્ય ૪ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી. ધારા તળે કાર્યવાહી કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## અમરેલીમાં હાર્ટ એટેક લાવી દે તેવું સ્પીડબ્રેકર



અમરેલી શહેરમાં ઠેકઠેકાણે પાલિકા કે માર્ગ–મકાન વિભાગ ધ્વારા માર્ગ ઉપર સ્પીડ બ્રેકર બનાવવામાં આવી રહ્યા છે અને લગભગ તમામ સ્પીડ બ્રેકર નિયમ વિરૂધ્ધ અને કોન્ટ્રાકટરની મરજી મુજબનાં બની રહ્યા હોય તમામ વાહનચાલકોને સ્પીડ બ્રેકર પસાર કરવું એટલે મુશ્કેલીભર્યુ બની રહ્યું છે. તાજેતરમાં લીલીયા માર્ગ ઉપર રેલ્વે બ્રિજ નજીક બનેલ નિયમ વિરૂધ્ધનું સ્પીડ બ્રેકર દરરોજ હજારો વાહનચાલકોને તોબા પોકારાવી રહ્યું હોય જવાબદાર તંત્ર સ્પીડ બ્રેકર દૂર કરે અથવા નિયમ મુજબ બનાવે તેવી માંગ ઉભી થઈ રહી છે.

### ડી.વાય.એસ.પી. વિરલ ચંદનનાં અધ્યક્ષ સ્થાને

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે વ્યાજખોરી નાબૂદી તેમજ લોન મેળો યોજાયો

### બેન્ક મેનેજર સહિત સૌ કોઈ ઉપસ્થિત રહયા

લીલીયા, તા. ૧૭

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે અમરેલી એસ.પી સંજય ખરાતની સૂચના અને વિભાગીય ડી.વાય.એસ.પી. વિરલ ચંદનનાં અધ્યક્ષ સ્થાને લીલીયા પોલીસ સ્ટેશનનાં પી.આઈ એમ.ડી. સાળુંકે તેમજ પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાની ઉપસ્થિતિમાં લીલીયા પોલીસ સ્ટેશન ખાતે લોન મેળો તેમજ વ્યાજ ખોરી નાબૂદી અંતર્ગત તાલુકાનાં લોકો સાથે મિટિંગનું આયોજન કરાયું. જેમાં ઊંચા વ્યાજ દરે પૈસા લઈ અને દેવામાં ડૂબતા દેવાદારોએ સરકારી બેન્ક કે સહકારી મંડળીઓ પાસેથી ઓછા વ્યાજનું ધિરાણ મેળવી નિયમિત હપ્તા ભરી ઊંચા વ્યાજ દરમાંથી મુક્તિ મેળવવા માટે ડી.વાય.એસ.પી. દ્વારા સમજ અપાઈ આ તકે આવેલ મધ્ય સહકારી બેંકનાં પી.એન. કિકાણી દ્વારા આવેલ ગ્રામજનોને સરળતાથી લોન કેમ મળે તે બાબતે સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં





આવી હતી.આ તકે એસબીઆઈ બેંક મેનેજર હિતેશભાઈ પટેલ, હાર્દિક દવે, જીતુભાઈ પાઠક, વિજયભાઈ શેખલીયા, જીવનભાઈ વોરા, બાબુભાઈ ધામત, તુષારભાઈ ધોરાજીયા, પરીન સોની સહિત તાલુકામાંથી આવેલ સરપંચો ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### મામલતદાર કચેરી નજીકનો બનાવ

# ધારીનાં અમરેલી માર્ગ ઉપર બોલેરોનું ટાયર ફાટતા દોડધામ

### સદ્નસીબે જાનહાનીની ઘટના ન બની



અમરેલી, તા. ૧૭

ધારીનાંઅમરેલીમાર્ગઉપર મામલતદાર કચેરી નજીક પેવિંગ બ્લોક ભરીને જતાં બોલેરો પીકઅપનું પાછળનું ટાયર પલ્ટી મારી જતાં થોડીવાર માટે ટ્રાફિકજામ થયો હતો. સદ્નસીબે અકસ્માતમાં કોઈ જાનહાની ન થઈ કે કોઈ ઈજાગ્રસ્ત ન બનતા તંત્રએ હાશકારાની લાગણી વ્યકત કરી હતી.

### જિલ્લા બ્રહ્મસમાજનાં પૂર્વ પ્રમુખ એડવોકેટ ઉદયન ત્રિવેદી અને વર્તમાન પ્રમુખ તુષાર જોષીએ

# અમરેલીમાં યોજાનારા ભગવાન શ્રી પરશુરામજી જન્મજયંતી મહોત્સવનાં કાર્યક્રમોમાં સૌને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો

### આજે રાત્રિનાં લોકડાયરો, આવતીકાલે શોભાયાત્રા અને મહા આરતી યોજાશે





અમરેલી, તા. ૧૭

અમરેલી ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભગવાનશ્રી પરશુરામનાં જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આવતીકાલ શનિવારે રાત્રિનાં શ્રી પરશુરામધામ ખાતે ૮:૩૦ કલાકે લોક ગાયક વિમલ મહેતા તથા યુવા ગાયક પ્રયાગ મહેતા દ્વારા લોકડાયરો યોજાશે.

તદુઉપરાંત રવિવારે સાંજનાં ૪:૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરથી પરશુરામધામ સુધી ભવ્ય શોભાયાત્રા અને સાંજનાં ૮:૩૦ કલાકે શ્રી પરશુરામધામ ખાતે મહા આરતીનું આયોજન કરાયેલ છે.

તમામ કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજ અને સર્વે ધાર્મિકજનોને ઉપસ્થિત રહેવા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં પૂર્વ પ્રમુખ ઉદયન ત્રિવેદી અને વર્તમાન પ્રમુખ તુષાર જોષીએ અનુરોધ કરેલ છે.

### ચૈત્રી દનૈયા ન તપતાં ચોમાસુ નબળુ રહેવાની ભીતિ

# સાવરકુંડલા : આકાશમાં વાદળીયુ વાતાવરણ, આકરી ગરમીમાં રાહત, પણ ખેડૂતોમાં ચિંતાનો માહોલ

### વૈશ્વિક તણાવ વચ્ચે કૃષિ પ્રધાન દેશ પર સંકટનાં વાદળો

સાવરકુંડલા, તા. ૧૭

છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય અને દઝાડતી ગરમી વચ્ચે આજે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. આકાશ વાદળછાયું રહેતા તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જેના કારણે લોકોને ઉનાળાના આકરા તાપમાંથી આંશિક રાહત મળી છે. જોકે, આ ઠંડક સામાન્ય જનતા માટે સુખદ હોઈ શકે છે, પરંતુ તે ભવિષ્યના સંકેત તરીકે ચિંતાજનક સાબિત થઈ રહી છે.

લોકવાયકા મુજબ 'ચૈત્રી દનૈયા' તપે તો જ ચોમાસું સારૂં રહે છે. આજે વાતાવરણમાં જોવા મળેલી આ ઠંડક અને વાદળછાયું આકાશ કમોસમી વરસાદની શક્યતા તો દર્શાવે જ છે, સાથે સાથે આગામી ચોમાસું નબળું રહેવાના એંધાણ પણ આપી રહ્યાંછે. જો ચૈત્ર માસમાં પૂરતી ગરમી ન પડે, તો વરસાદના ગણિત બગડી શકે છે તેવી આશંકા સેવાઈ રહી છે.

વૈકિ પરિસ્થિતિ અને ભારત એક તરફ જયારે વિના કેટલાક ભાગો યુદ્ધની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે, ત્યારે તેની આડઅસરો અર્થતંત્ર પર પડી રહી છે. આવી કટોકટીમાં જો ભારત જેવા ખેતી પ્રધાન દેશમાં ચોમાસું નબળું રહે, તો કૃષિ ઉત્પાદન પર તેની ગંભીર અસર પડી શકે છે. મોંઘવારી અને ખાદ્ય સુરક્ષાના પ્રશ્નો આગામી સમયમાં વધુ જટિલ બની શકે છે.

# બિનહરિફ ચૂંટણી : લોકશાહીનો ઉત્સવ કે મતાધિકારની ચુપચાપ હત્યા

અમરેલી, તા. ૧૭

ભારતને વિનું સૌથી મોટું લોકશાહી દેશ કહેવામાં આવે છે. અહીં ચૂંટણીને ''લોકશાહીનો મહોત્સવ'' કહેવાય છે. પરંતુ જયારે ચૂંટણીમાં મતદાન જ ન થાય અને કોઈ ઉમેદવાર સીધો બિનહરીફ વિજેતા જાહેર થઈ જાય, ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે શું આ ખરેખર લોકશાહીની જીત છે કે પછી મતાધિકારની ચુપચાપ હત્યા ?

લોકશાહીની સૌથી મોટી શકિત જનતાનો મત છે. ભારતના બંધારણનો આર્ટિકલ ૩૨૬ દરેક પુખ્ત નાગરિકને મતદાન કરવાનો અધિકાર આપે છે. મતદાન માત્ર અધિકાર નથી, પરંતુ લોકશાહી વ્યવસ્થાનો આધારસ્તંભ છે. પરંતુ જયારે કોઈ મતવિસ્તારમાં માત્ર એક જ ઉમેદવાર રહે અને તેને સીધા વિજેતા જાહેર કરી દેવામાં આવે, ત્યારે લાખો મતદારોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની તક જ મળતી નથી.

કાયદાની દષ્ટિએ જોવામાં આવે તો રેપ્રેસેંટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ની કલમ ૫૩(૨) અનુસાર જો ઉમેદવારોની સંખ્યા બેઠકો જેટલી અથવા ઓછી હોય, તો ચૂંટણી અધિકારી તેમને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરી શકે છે. એટલે કે કાયદો આ પ્રક્રિયાને માન્યતા આપે છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું કાયદેસર હોવું જ લોકશાહી માટે પૂરતું છે ?

તાજેતરના વર્ષોમાં બિનહરીફ ચૂંટણીના બનાવો ચર્ચામાં આવ્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સુરત બેઠક પરથી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. વિરોધ પક્ષના ઉમેદવારનું ફોર્મ રદ થયું અને અન્ય ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લીધી. પરિણામે મતદાનની જરૂર જ રહી નહોતી.

પ્રશ્ન એ છે કે શું આ પરિસ્થિતિ સંપૂર્ણપણે સ્વાભાવિક હતી ? કે પછી રાજકીય દબાણ, રાજકીય વ્યૂહરચના અથવા ટેકનિકલ પ્રક્રિયાઓ દ્વારા ચૂંટણીને સ્પર્ધાવિહોણી બનાવી દેવામાં આવી ?

આજે દેશમાં જૂના ઈન્ડિયન પેનલ કોડની જગ્યાએ અમલમાં આવેલી ભારતીય ન્યાંય સંહિતા : મુજબ ચૂંટણીમાં લાંચ, દબાણ અથવા ધાકધમકી દ્વારા ઉમેદવારી અથવા મતદાનને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવો ગુનો છે. જો કોઈ ઉમેદવારને ડરાવીને મેદાનમાંથી હટાવવામાં આવે, તો તે માત્ર રાજકીય રમત નથી, પરંતુ ફોજદારી ગુનો છે.

ભારતના સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ઘણીવાર કહ્યું છે કે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી બંધારણના બેઝિક સ્ટ્રકચર (મૂળભૂત પાયા)નો ભાગ છે. એટલે કે ચૂંટણી માત્ર પ્રક્રિયા નથી, પરંતુ લોકશાહીનો આત્મા છે.

જો દેશ એવી દિશામાં આગળ વધે જયાં વિરોધ પક્ષોને મેદાનમાંથી હટાવી દેવામાં આવે અને ચૂંટણી માત્ર ઔપચારિકતા બની જાય, તો તે લોકશાહી માટે ખતરનાક સંકેત છે. લોકશાહીમાં જીત ત્યારે જ અર્થપૂર્ણ બને છે જયારે સ્પર્ધા હોય. સ્પર્ધા વગરની જીત માત્ર આંકડાકીય વિજય હોઈ શકે, લોકશાહી વિજય નહીં.

ઘણા કાનૂની નિષ્ણાતોનું માનવું છે કે જો કોઈ મતવિસ્તારમાં માત્ર એક જ ઉમેદવાર હોય, તો પણ મતદાતાઓને મતદાન કરવાની તક આપવી જોઈએ. ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા એવી વ્યવસ્થા કરી શકે જેમાં મતદાતાઓ ગઘઝઅ (ગજ્ઞક્ષય જ્ઞર વિંય અબજ્ઞદય) પસંદ કરી શકે. જો ગઘઝઅ ને વધારે મત મળે, તો ચૂંટણી ફરીથી યોજી શકાય.

લોકશાહીનો મૂળ તત્વ પસંદગી છે. જો જનતાને પસંદગી જ ન મળે, તો લોકશાહી માત્ર કાગળ પર રહી જાય છે. આથી પ્રશ્ન માત્ર એટલો નથી કે બિનહરીફ ચૂંટણી કાયદેસર છે કે નહીં. સાચો પ્રશ્ન એ છે કે શું આ પ્રક્રિયા લોકશાહીના આત્મા સાથે સુસંગત છે ?

લોકશાહી ત્યારે જ મજબૂત બને છે જયારે મતદારો પાસે વિકલ્પ હોય, સ્પર્ધા હોય અને નિર્ણય કરવાની સાચી સ્વતંત્રતા હોય. જો ચૂંટણીમાંથી સ્પર્ધા ગાયબ થઈ જશે, તો લોકશાહીનો મહોત્સવ ધીમે ધીમે એક ઔપચારિક કાર્યક્રમ બની જશે.

અને ત્યારે કદાચ આપણે પૂછવું પડશે – ચૂંટણી થઈ રહી છે કે લોકશાહી ધીમે ધીમે ખાલી થતી જઈ રહી છે ?

**કાંતિલાલ પરમાર, માનવ અધિકાર કાર્યકર્તા, અમદાવાદ, ગુજરાત**

### પ્રજાપતિ સમસ્ત ટાંક પરિવાર દ્વારા

# નાગેશ્રી ખાતે આવતીકાલે ૫૧ કુંડી મહાયજ્ઞ અને સંતવાણી યોજાશે

### સંતો, મહંતો અને આગેવાનો ઉપસ્થિત રહેશે

રાજુલા, તા. ૧૭

જાફરાબાદનાં નાગેશ્રી ખાતે રવિવાર ૧૯ એપ્રિલના રોજ પ્રજાપતિ સમસ્ત ટાંક પરિવાર દ્વારા ૫૧ કૂંડી મહાયજ્ઞ, દ્વજારોહણ, સંતવાણી, રકતદાન કેમ્પ સહિતનાં કાર્યક્રમો યોજાશે.

આ ધાર્મિક કાર્યક્રમમાં સંતો, મહંતો આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

# ૧૮ એપ્રિલ, ''વિ ધરોહર'' દિવસ



અમરેલી, તા. ૧૭

દર વર્ષે ૧૮ એપ્રિલનાં દિવસને યુનેસ્કો દ્વારા 'વિધરોહર' દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વિમાં ખુબ જ સુંદર, પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી ઈમારતોનું રક્ષણ કરવા તેમજ લોકોમાં તેના પ્રતિ જાગૃતિ લાવવાનાં હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કુલ ૧૬૭ દેશોમાં આ ધરોહર ફેલાયેલ છે.

વિમાં ૫ દેશો એવા છે કે જયાં ઐતિહાસિક ધરોહરોની સંખ્યા ૪૦ થી વધુ છે. જેમાં ચાઈનામાં ૫૫, ઈટલીમાં ૫૫, સ્પેન ૪૮, જર્મની ૪૬, ફ્રાન્સ ૪૫ ની સંખ્યા છે. ભારતમાં આ સંખ્યા ૩૮ છે. ઐતિહાસિક વારસાનાં મુખ્યત્વે ત્રણ પ્રકારો છે હિસ્ટોરિકલ, ડિસ્ટ્રોઈડ અને મોર્ડન. દુનિયામાં સૌથી મોટા ઐતિહાસિક વારસાની વાત કરવામાં આવે તો એ કીરીબાતી દેશમાં આવેલ ફોનિક્સ આઈસલેન્ડ છે જે ૪ લાખ ચો.કિમીમાં ફેલાયેલો છે અને સેથી નાનું ગણાતું ઐતિહાસિક સ્થળ ચેક રિપબ્લિક દેશની અંદર આવેલું ''હોલી ટ્રીનીટી કોલમન'' છે જે માત્ર ૨૦૦ ચો.કિમીનાં વિસ્તારમાં ફેલાયેલું છે. અત્યાર સુધી કુલ ૫૩ સ્થળો એવા છે કે જે ''હેરીટેજ ઈન ડેન્જર'' તરીકે જાહેર થયા છે જેમાંથી ૧૭ કુદરતી સ્થળો છે અને ૩૬ સંસ્કૃતિક સ્થળો છે. કાઝીરંગા નેશનલ પાર્ક, લાલ કિલ્લો, ખજુરાહોની અને એલીફન્ટાની ગુફાઓ, કોર્ણાક સૂર્યમંદિર, આગ્રાનો કિલ્લો વગેરે ભારતના પ્રચલિત ઐતિહાસિક સ્થળો છે.

**–મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

### તેલ, મરચુ અને કેરીના ભાવમાં તોતિંગ વધારાની સંભાવના

# મોંઘવારીનો ડંખ : મધ્યમવર્ગનાં થાળીનો સ્વાદ બગડયો, અથાણા બનાવવા મોંઘા થયા

સાવરકુંડલા, તા.૧૭

ગુજરાતી પરિવારોમાં આખા વર્ષ માટેના અથાણાં બનાવવાની સીઝન હવે પૂરબહારમાં ખીલશે, પરંતુ આ વર્ષે મોંઘવારીની સીધી અસર અથાણાં પર પણ જોવા મળી શકે છે. કાચી કેરીથી લઈને મસાલા અને તેલના ભાવમાં થયેલા વધારાએ સામાન્ય માણસની ચિંતામાં વધારો કર્યો છે.

માર્કેટમાં થોડા સમયમાં જ અથાણાં માટે જાણીતી રાજાપુરી, કાગડા અને તોતા જેવી કેરીઓનું આગમન થશે. ખાસ કરીને મુરબ્બા માટે વપરાતી રાજાપુરી કેરી અને અથાણાં માટે વપરાતી કાગડા કેરીના ભાવ ગયા વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધશે એવી શકયતા જોવા મળે છે.ગત વર્ષ કરતાં આ વર્ષે કાચી કેરી મોંઘી થશે.

મરચાના ભાવમાં દોઢ ગણો વધારો થયો છે, જયારે કાશ્મીરી મરચાના ભાવ તો લગભગ બમણા થઈ ગયા છે. આ ઉપરાંત રાય, મેથીના કુરિયા અને તેલના ભાવ પણ ગત વર્ષ કરતા ઘણા ઊંચા છે. અથાણુંએ ગુજરાતી ભોજનનો અભિન્ન હિસ્સો છે. જે પરિવારોમાં શાકની અછત હોય ત્યાં અથાણાંથી કામ ચલાવી લેવાય છે,પરંતુ હવે અથાણું બનાવવું પણ આર્થિક રીતે બોજારૂપ બની ગયું છે. ટૂંકમાં, વધતી જતી મોંઘવારીએ મપ્રયમ અને ગરીબ પરિવારો માટે જીવન જીવવું દોહાલું બનાવી દીધું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## ક્ષણિકનો ગુસ્સો અમુલ્ય જીંદગી બગાડી નાખે છે

# લીલીયા મોટા : સનાળીયા ગામે બનેલ મારામારીનો બનાવ હત્યામાં પલટાયો

### ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું



અમરેલી, તા. ૧૭

લીલીયા તાલુકાનાં સનાળીયા ગામે પાંચ દિવસ પહેલા ફાઈનાન્સથી લીધેલ મોટર સાયકલનાં હપ્તા ભરવા બાબતે એક રત્ન કલાકાર તથા આરોપી વચ્ચે મનઃદુખ થયેલ હોય તે બનાવમાં સમાધાન કરવા ગયેલ નિર્દોષ યુવક ઉપર ૬ જેટલા આરોપીઓએ જીવલેણ હુમલો કરતા યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.

આ બનાવમાં લીલીયા તાલુકાનાં સનાળીયા ગામે ગત તા. ૧૨નાં બપોરનાં આશરે ચારેક વાગ્યાનાં અરસા મારામારીની ઘટના બની હતી. જેમાં સનાળીયા ગામે રહેતા યુવરાજ ભરતભાઈ ઢીમેચા નામનાં રત્નકલાકારે તે જ ગામમા રહેતા આરોપી અજય ભીખાભાઈ મકવાણાનાં નામ પર ફાઈનાન્સથી મોટર સાયકલ લીધેલ હતી. અને રત્નકલાકારે આરોપીને ફાઈનાન્સનાં હપ્તા ભરવા પૈસા આપતા હતા. પરંતુ આરોપી હપ્તા ભરતા ના હતા. જે બાબતે રત્ન કલાકાર તથા આરોપી વચ્ચે મનદુઃખ અને બોલાચાલી થતા આરોપીએ આ બાબતની જાણ પોતાના ભાઈ સાગર ભીખાભાઈ મકવાણાને કરતા તેમણે રત્નકલાકાર પાસે જઈ મા મારવાની ધમકી આપેલ હતી.

બાદમાં રત્નકલાકાર સાથે મહેન્દ્રભાઈ તનસુખભાઈ ઢીમેચા આરોપી સાથે સમાધાનની વાતચીત કરવા માટે ગયેલ હતાં. ત્યારે આરોપી સાગર મકવાણા સહિત ૬ આરોપીઓએ એકસંપ કરી ઉશ્કેરાઈ જઈ રત્નકલાકાર તથા મહેન્દ્રભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે કુહાડી, લોખંડના પાઈપ તથા લાકડાનાં ધોકા જેવા ઘાતક હથિયારો મહેન્દ્રભાઈનાં માથાનાં ભાગે મારી ગંભીર ઈજા કરી હતી.

આ બનાવમાં ગંભીર રીતે ઘવાયેલ મહેન્દ્રભાઈ તનસુખભાઈ ઢીમેચા નામનાં ૨૪ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન રાજકોટ ખાતે મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. આ બનાવમાં ૬ આરોપીઓને પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## સમગ્ર પંથકમાં અરેરાટી ઉભી કરતો બનાવ બન્યો

# ખાંભાનાં ભૂંડણી ગામે કપડા ધોવા ગયેલ માતા સાથે ગયેલ ૨ બાળકોનાં નદીમાં ડૂબી જવાથી મોત

### માતાએ રાડારાડ કરતાં સ્થાનિક ગામજનો દોડી ગયા હતા



તસ્વીર : રાજુભાઈ વાળા-ખાંભા

ખાંભા, તા. ૧૭

ખાંભા તાલુકાનાં ભૂંડણી ગામની નદી કાંઠે માતા કપડા ધોવા માટે ગયા હતા. માતા કપડા ધોઈ રહી હતી અને બંને બાળકો રમતા રમતા પાણીમાં દૂર સુધી નીકળી જતાં અકસ્માતે પાણીમાં ડૂબી જતાં માતાની નજર પડતા રાડારાડ કરતાં સ્થાનિક માણસો દોડી બંને બાળકોને તાત્કાલિક બહાર કાઢી ૧૦૮ મારફતે રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાં રૂદ્ર નાજાભાઈ મહિડા (ઉ.વ. ૧૦), પાર્થ નાજાભાઈ મહિડા (ઉ.વ. ૮) બંને બાળકોને રાજુલા હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના ડોકટર ધ્વારા મૃત જાહેર કરતા પરિવારોમાં માતમ છવાયો હતો. આ ઘટનાથી પરિવારમાં આભ ફાટયા જેવી સ્થિતિ સર્જાય હતી. ઘટનાની જાણ થતાં ખાંભા પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી છે.

પાણીમાં ડૂબી અકસ્માતે મોતની ઘટનામાં બંને સગા ભાઈ રૂદ્ર અને પાર્થ બે સંતાન હતા બંને પાણીમાં ડૂબી જતાં મોત થતાં હવે પરિવાર માતા-પિતાએ બંને પુત્રોને ગુમાવતા શોકમય માહોલ સર્જાયો છે. બે પુત્રોના મોત બાદ હવે એક પુત્રી સંતાન તરીકે છે.

## ''ડિજિટલ ઈન્ડિયા''ની ગુલબાંગો વચ્ચે

# લાઠીનાં સીએચસી સેન્ટરમાં આયુષ્યમાન કાર્ડ કાઢવામાં અરજદારોને ધરમનાં ધક્કા

### કાયમી ઓપરેટરનાં અભાવે જરૂરિયાતમંદ પરેશાન

અમરેલી, તા. ૧૭

લાઠી ખાતે સીએચસી સેન્ટરમાં આયુષ્યમાન કાર્ડ ઓપરેટરનાં અભાવે કાઢી આપવામાં આવતુ ન હોવાથી જરૂરિયાતમંદો તોબા પોકારી ગયા છે.

એક તરફ ડિજિટલ ઈન્ડિયાની ગુલબાંગો વચ્ચે પરેશભાઈ નામનાં વ્યકિત સર્વર ડાઉન રહેતુ હોવાથી ધકકા ખાઈને થાકી ગયા હોય ઉચ્ચ અધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ છે.




સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુકિત માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઇફલાઇન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિવિલ રોડ, સાવરકુંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
● હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
● જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
● રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
● ઇન્જેક્શનથી Sclero therapy મસાની સારવાર
● નાસુર Pilo nidal sinus ની સારવાર
● ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
● પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
● મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ) | 1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
6000 ચો.ફુ. જગ્યા | મંડપ, માઇક, લાઇટ, ઇવેન્ટ અને કેટરીંગની સુવિધા
CCTV કેમેરાથી સજ્જ | 12 L.E.D. ફલડ લાઇટથી સુસજ્જ ગ્રાઉન્ડ
પાર્કિંગની વ્યવસ્થા
ફ્રી વાઇ-ફાઇ સુવિધા
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.
















# રચો કેમ હસ્યો કેમ

રસ-વાર્તાઓ

## વિક્રમ - વેતાલ

સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ



રાત પડતાં રાજા વિક્રમ ખુલ્લી તલવાર લઈ મસાણે ગયા અને મડદાને ડાળીએથી ઉતારી ચાલવા માંડયું. મડદામાં વાસકરતાં વેતાલે કહ્યું – 'હવે હું છે વાર્તા કહું છું એ બિલકુલ સત્ય ઘટના છે. એ મેં નજરો નજર જોઈ છે. હવે તમે એ વાર્તા સાંભળો.'

**વાર્તા :-** ચંદ્રાપુરી નગરીમાં રાજા ચંદ્રવીર નામનો રાજા રાજ કરતો હતો. એ ઘણો પરાક્રમી, દયાળુ અને ન્યાયપ્રિય હતો. પ્રજાને યોગ્ય ન્યાય મળતો. આ નગરીમાં ધર્મવીર નામે એક મોટો શેઠ હતો. એને એક પુત્રી હતી. એનું નામ શોભના હતું. એના નામ જેવી સુંદર અને સુશીલ હતી. ધર્મવીર શોભનાને લગ્ન માટે ઘણા સમજાવતા હતા પરંતુ શોભના કહેતી કે 'જયારે મને મારા પસંદનો પુરૂષ મળશે ત્યારે હું અવશ્ય લગ્ન માટે તમને કહીશ.'

એકાએક ચન્દ્રાપુરી નગરીમાં ચોરીના બનાવો વધવા લાગ્યા. પ્રજા ત્રાહ-ત્રાહ થઈ ગઈ. રાજા ચંદ્રવીર પાસે જઈ પ્રજાએ ચોરીની ફરિયાદો કરી.રાજાએ સિપાઈઓને હુકમ કર્યો કે નગરમાં ચોકી પહેરો સખ્ત કરી નાંખવામાં આવે. પરંતુ ચોકી પહેરો સખ્ત કર્યો છતાં પણ ચોરીનો પ્રશ્ન દૂર થયો નહીં. દરરોજ ચોરીના બનાવની ફરિયાદો આવતી.

રાજાએ વિચાર્યું કદાચ ચોકીદારો જ ચોરને સાથ આપતા હશે. આથી રાજા પોતે રાત્રે ચોકી પહેરો કરવા માટે ગયા. બે-ત્રણ દિવસ તો ચોરીનો કોઈ બનાવ ન બન્યો.એક રાત્રે રાજાએ એક માણસને દોડતો જોયો. એ તરત એની પાછળ દોડયા અને ચોરને કબજેકર્યો. ચોરને કાળ કોટડીમાં પૂરી દીધો. બીજે દિવસે જાહેર કરવામાં આવ્યું કે ચોર પકડાઈ ગયો છે. એને આવતી કાલે સવારે આખા નગરમાં ફેરવ્યા બાદ જાહેરમાં ફાંસી આપવામાં આવશે. ચોર પકડાઈ જવાથી પ્રજાને ઘણી શાંતિ થઈ.

બીજે દિવસે જાણે, નગરમાં ઉત્સવ હોય એવી ઠેર ઠેર ભીડ જામી ગઈ. લોકો ઘરની બારીએ, છાપરા અને અગાશીએ ચોરને જોવા માટે ગોઠવાઈ ગયા. ચોરને લઈને સિપાઈઓ ધર્મવીર શેઠની હવેલી પાસેથી નિકળ્યા ત્યારે ઝરૂખામાં ઉભેલી શોભનાની નજર ચોર પર પડી. એ ચોર પર મોહિત થઈ ગઈ. એને મનોમન ચોરને પરણવાનું નક્કી કરી લીધું.શોભનાએ પિતાજીને કહ્યું – 'પિતાજી, હું આચોર સાથે લગ્ન કરીશ. હું એને મનથી વરી ચુકી છું. માટે એ ચોરને ફાંસીની સજાથી બચાવો. જો એને ફાંસી અપાશે તો હું એની પાછળ સતી થઈશ.'


પુત્રીનો જવાબ સાંભળતાં જ ધર્મવીરના હોશ-કોશ ઉડી ગયા. ધર્મવીરે પુત્રીને ઘણી સમજાવી. પરંતુ શોભના પોતાની જિદ્દ પર અટલ રહી. આખરે ધર્મવીર પુત્રી પ્રત્યેની લાગણીને વશ થઈ રાજા પાસે ગયા.

રાજા બોલ્યા – 'એ શકૂય નથી, હું ન્યાય કરવામાં ભૂલ કરૂં તો પ્રજાનો મારી પરથી વિસ ઉઠી જશે. માટે ચોરને અવશ્ય ફાંસી અપાશે જ.' **(ક્રમશઃ)**

# બિરંજ, પૂરી ને મઠો !

## બકોર પટેલની કહાણીઓ

હરિપ્રસાદ વ્યાસ ગાંડીવ : લાલગેટ, ચૌટાપુલ, સુરત-૩૯૫૦૦૩



પંડિત કહે : ''ત્યારે હું કહું તેમ કરજો. પટેલ ભલે પાંચ વાગે આવે. બીજાં બધાંને સાડાચાર. વાગ્યાનાં નોતરાં દેજો.''હાથીશંકર કપાળ ખંજવાળતા પૂછે : ''કેમ. ?''


ટીમુ કહે : ''તમે તમારે હું કહું તેમ કર્યા કરોને ! પછી જોજો ગમ્મત !''હાથીશંકરને કંઈ સમજાયું તો નહિં. વિચાર કરતા કરતા ત્યાંથી નીકળ્યા !રવિવાર આવી પહોંચ્યો. સવાચાર વાગ્યા. હાથીશંકર બધી તૈયારી કરતા હતા. સાડાચાર થયા એટલે બધા સભાસદો આવી પહોંચ્યા. ટીમુ પંડિત આવ્યા, ગોધુજી આવ્યા, ગાડરખાં આવ્યા, ઘોડારામ આવ્યા અને લંબકરણ પણ આવ્યા. બધાં આવી પહોંચ્યા, એટલે વાતો ચાલી.લંબકરણે પૂછ્યું : ''કેમ હાથીભાઈ, ભજિયાં-બજિયાં તૈયાર કે ?''હાથીભાઈ તો અંદર જાય ને બહાર આવે, બહાર જાય ને અંદર આવે. દોડાદોડ કરતા હતા.

આ સાંભળતાં તે કહે : '' અરે હમણાં થઈ ગયાં સમજો. પાણી બાણી તો પીઓ.''પણ અંદર જતાં જતાં, આડી નજરે આમ વાત કરતાં ઉંબરો આવ્યો વચ્ચે, તે અડફટ લાગતાં હાથીશંકર ગબડી પડ્યા ! હસાહસ ચાલી. ભારે શરીર, તે ઊઠતાં ઊઠતાં દમ નીકળ્યો. ઘોડારામે જેમ મેમ ઉઠાડીને ઊભા કર્યા.ઘોડારામ કહે : '' અલ્યાઓ, તમે બધા ખાશો ભજિયાં, ને હાથીભાઈ ખાય ગુલાંટિયાં ! ખરા છો ભાઈ બધાં !''પાછી હસાહસ ચાલી.એટલે ટીમુ પંડિત કહે : ''અલ્યા ભાઈ, તમે બધાં એટલામાં શું હસવા લાગી ગયાં ! પટેલ તો આવ્યા નથી, પછી હસવાનું ક્યાં ? હસવાનું પટેલ આવે પછી. વારૂ, બધાંને વહેલા કેમ બોલાવ્યા, તે જાણો છો ?''લંબકરણ કહે : ''ના ભાઈ,અમને તો હાથીશંકરે બોલાવ્યા તેમ આવ્યા.''ટીમુ પંડિત કહે : ''વાત ખરી છે. પણ હાથીશંકર તો, પાંચનાં નોતરાં દેતા હતા. તેના મેં કરાવ્યા સાડાચાર.''ઘોડુરામ પૂછે : ''કંઈ કારણ ?''ટીમુ પંડિત કહે : ' 'આ હાથીશંકરને પૂછો એ શાનાં ભજિયાં કરવાના હતા ?''હાથીશંકર બહાર આવ્યા હતા, તેને બે ત્રણ જણ એકી સાથે પૂછવા લાગ્યા : ''હેં હાથીભાઈ, ભજિયાં કરવાના હતા ?'' **(ક્રમશઃ)**

બાલ એક્સપ્રેસ

પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ શ્રી દિપક હાઈસ્કુલ શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી મો.૯૪૨૮૧ ૫૭૦૭૨

# ચિત્રમાં રંગ પુરો



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

**સ્કંધ પહેલાં**

૧. બત્રીસ લાખ જપ થશે, તો વિધાતાના લેખ પણ ભૂંસાશે. પાપનો વિનાશ થશે.
૨. રોજ એવી ભાવના રાખવી કે શ્રી કૃષ્ણ મારી સાથે જ છે.
૩. પથારીમાં રાત્રે સૂતાં પહેલાં હંમેશાં પ્રેમથી જપ કરો.
૪. એક વર્ષ સુધી વાણીથી જપ કરવા. ત્રણ વર્ષ કંઠથી જપ કરવા. ત્રણ વર્ષ પછીથી મનથી જપ થાય છે. એ પછી અજપા થાય છે.
૫. જેનું જીવન કેવળ ઈશ્વર માટે છે, તે કદાપિ સંગ્રહ ન કરે.
૬. પ્રભુ દર્શન આપે તો પણ જપ છોડશો નહીં.
૭. જીવનના છેલ્લા શ્વાસ સુધી જપ છોડશો નહીં.
૮. કીર્તનમાં સંસારનું ભાન ભૂલાય તો આનંદ આવશે.
૯. સંયમ, સદાચાર, સ્નેહ અને સેવા આ ગુણો સત્સંગ વગર આવતા નથી.૧૦. ભકિત વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણ બગાડે છે.

# સ્વભાવમાં હોય છે પરમાર્થ

## જ્ઞાનજયોતિ

શ્રી ગિજુભાઈ ભરાડ

એ પ્રવૃતિમાં પછી આવે છે અને સંપત્તિ દ્વારા પછી પ્રયોજાય છે, પ્રથમ તો મનુષ્યના સ્વભાવમાં હોય છે પરમાર્થ. હકીકતમાં પરમાર્થ માટે જેટલી જરૂર સાધન સંપન્નતાની હોય છે એની સરખામણીમાં કયાંય વધુ જરૂર હોય છે એ માટેના સુવાચિત હૃદયની. વાસ્તવમાં જુઓ તો શ્રી કે સરસ્વતીની પણ જરૂર રહેતી નથી, એકવાર કાર્યપ્રણાલિકા વિકસે અને નિઃસ્વાર્થ ભાવે પરમાર્થ યજ્ઞ આરંભાય તો પછી રિધ્ધિ-સિધ્ધિ તો આપોઆપ એ યજ્ઞ મંડપમાં આવી પહોંચે છે. પરમાર્થ એક સંસ્કાર છે અને જો બાળપણથી જ એ તરફ બાળકના વિચારો ન વળે તો મોટા થયા પછી આ જગતની પાઠશાળામાં સ્વાર્થનું શિક્ષણ તો એને આપોઆપ મળી રહે છે. એકવાર વ્યકિતને પરમાર્થની દીક્ષા આપવાનો સમય વહી જાય પછી એની જીવનશૈલી અને અભિગમ સરળતાથી બદલી શકાતા નથી. પણ જો પ્રારંભે જ એનો હાથ વળે છે તો પછી સમાજ પરનો એ સર્વકાલીન ઉપકાર જ બની રહીને પોતાના કુળને અને ગુરૂજનોના કુળને ગૌરવ અપાવે છે.

# કોન્વેન્ટ સ્કૂલમાં

## શ્રી અરવિંદ જીવનધારા

ગુજરાત સાહિત્ય અકાદમી લેખકશ્રી : જયોતિબહેન થાનકી

ડો. કૃષ્ણધનની ધૂન હતી કે તેમનાં બાળકોને પૂરેપરાં યુરોપિયન બનાવવાં. એથી એમણે હવે પોતાના પુત્રોને સંપૂર્ણપણે અંગ્રેજી વાતાવરણ હોય એવી સ્કૂલમાં મોકલવાનું નકકી કર્યુ. દાર્જિલિંગની કોન્વેન્ટ સ્કૂલ ભારતમાં આવેલા અંગ્રેજોનાં બાળકો માટે જ ખાસ બનાવવામાં આવી હતી. ત્રણ આઈરીશ સાધ્વીઓ આ સ્કૂલ ચલાવતી હતી. ત્યાં તેમણે પોતાના ત્રણેય પુત્રોને મૂકયા. તે સમયે શ્રી અરવિંદની ઉંમર તો ફકત પાંચ જ વર્ષની હતી. પાંચ વરસનું બાળક તો હજુ માતા-પિતાની છત્રછાયામાં રહીને દુનિયાનો પરિચય મેળવી રહ્યું હોય. બાલમંદિરમાં જાય તેટલો વખત જ માતાથી વિખૂટું પડતું હોય. તેટલી ઉંમરે શ્રી અરવિંદને માતા-પિતાથી દૂર દૂર કોન્વેન્ટ સ્કૂલમાં અજાણ્યા વિદેશી વાતાવરણમાં રહેવાનું થયું. અલબત્ત તેમના બે મોટા ભાઈઓ તેમની સાથે તો હતા, પણ તેઓ પણ હજુ બાળક જ હત્તા ! આ પાંચ વરસની વયે શ્રી અરવિંદ માતા-પિતાથી છૂટા પડયા એ પછી કયારેય એમને માતા-પિતા સાથે રહેવાનું થયું નહીં.

# રોજ ધ્યાનમાં બેસો

## માનસિક શાંતિનાં સચોટ ઉપાયો

લેખક શ્રી સેન.અનંથનારાયનન્

રોજ નિયમિત ધ્યાનમાં બેસો. ધ્યાન તમારા મનને શાંત કરશે તે મનમાં નિશ્ચલતા જન્માવશે. તમે મન લઈને એક કલાક ધ્યાનમાં બેસશો તો તેનાથી મનમાં ઉત્પન્ન થયેલી શાંતિની વૃતિ બાકીના તેવીસ કલાક સુધી ટકી રહેશે. અને મનને પહેલા જેટલું ડામાડોળ થવા દેશે નહીં. ધીમે ધીમે રોજના ધ્યાનનો સમયગાળો વધારતા જાઓ. ધ્યાનની આ ક્રિયા તમારા રોજિંદા કામની આડે આવશે નહીં. કારણ કે ધ્યાન તમારી જુદી જુદી શકિતઓમાં વધારો કરે છે અને થોડા સમયમાં વધારે કામ આટોપવાની શકિત બક્ષે છે.

# બાળ દેવદૂત


બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક જી.બી.મકવાણા દિગ્વિજયસિંહ ચુડાસમા વાલજીભાઈ રાઠોડ

૧. જે દેશ પોતાના બાળકોની કેળવણીમાં નબળી કક્ષાના – અપરિપકવ માણસો મૂકે છે તે ઝાઝાં વ્યાજની આશાએ બિનસલામત જગ્યાએ નાણાં રોકવા જેવી આત્મઘાતી સમાજનીતિ છે. – મનુભાઈ પંચોળી 'દર્શક' ૨. આ દેશમાં પતિ-પત્ની પ્રેમ છાનાં-માનાં કરે છે અને ઝઘડો બાળકોની હાજરીમાં કરે છે. – અરૂણ શાહ
૩. આ નાનાં બાળકોને હું ચાહું છું અને પ્રભુ પાસેથી તાજાં જ આવેલાં બાળકો આપણને ચાહે એ ખરેખર નજીવી બાબત નથી. – ચાર્લ્સ ડિકન્સ
૪. જેનું બાળપણ ખેલકૂદ અને આનંદથી ઉભરાતું નથી એનું કૌમાર્ય લથડે છે અને કૌમાર્યની વસંત એળે જાય ત્યારે યૌવન જોઈએ તેવું ખીલતું નથી. પછી વાર્ધકયની મજા લૂંટવાની ત્રેવડ કયાંથી રહે ? નિશાળમાં આપણે ઘડપણ બગડે ત્યાં સુધીની વ્યવસ્થા કરી રાખીએ છીએ. – ડો. ગુણવંત શાહ ૫. બાળકોની પ્રાપ્તિ કરતાં તેના પ્રયત્નોને બિરદાવો. જેથી તે નવું નવું કરવા સદાય પ્રયત્નશીલ રહેશે અને કયારેક નિષ્ફળ જશે તો પણ હતાશ થયા વિના તેનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરશે. ૬. દરેક બાળક આગવું છે. તેથી એકને સંભાળવાની પધ્ધતિ બીજા માટે અયોગ્ય પણ હોય. એવરી ચાઈલ્ડ ઈઝ સ્પેશિયલ...! ૭. બાળકની વય, સમજણ અને મૂડ પ્રમાણે તમારી અસંમતિની પણ ટેવ પાડજો.
૮. બાળકને ચાહવાનું બંધ કરી દેવાની કે છોડી દેવાની ધમકી કદી ન આપો. બાળકના ગેરવર્તનનો અસ્વીકાર કરી શકો, પણ બાકળના અસ્વીકારનું સૂચન કદી ન કરો.
૯. બાળકોના એવા અવગુણને મા-બાપો ભાગ્યે જ માફ કરી શકતાં હોય છે જે તેમણે રોપેલા હોય...!
૧૦. જેણે નિશાળની દિશા પણ નહિ ભાળી હોય તેવું બાળક કદાચ રેલ્વેમાંથી પાર્સલ ચોરશે પણ જો એ યુનિવર્સિટીમાં જઈને ડિગ્રી લઈ આવેલ હશે તો કાદચ આખી રેલ્વે જ ચોરશે. આ છે ખોટી બાળ કેવળણીનું પરિણામ...!

# વાંદરી અને તેનું બચ્ચું - કેશુ મુરૂભાઈ કુછડિયા

એક ઘટાદાર વડનું વૃક્ષ હતું. આ વડ પર ઘણાં બધાં પંખીઓ રહે. વડ નીચે છાંયડામાં પશુઓ પણ વિરામ કરે.તે વડા પર એક અભિમાની કોયલ રહે. એક વાંદરાનું કુટુંબ પણ રહે. અભિમાની કોયલને પોતાના સ્વરનું અભિમાન હતું તેથી તે બીજાં પંખીઓની અવગણના કર્યા કરે.વસંતૠતુનો સમય હતો. સીમની શોભા ખીલી ઊઠી હતી. આ સમયે જ કોયલે તો ગાવાની શરૂઆત કરી. કોયલના મીઠા અવાજથી વાતાવરણ ગુંજી ઊઠ્યું.''મીઠી મારી વાણી હું વસંતની રાણી, ના ઉછેરૂં બચ્ચાં હું હું તો કેવી શાણી !''લોકો કોયલના મધુર ટહુકાના વખાણ કરવા લાગ્યાં. પોતાના વખાણ સાંભળી કોયલબહેન તો વધુ અભિમાની બની ગયાં.એક વાર આમ જ મસ્તીમાં ગાતાં હતાં ત્યાં તેની નજર એક વાંદરી પર પડી. વાંદરી તો પોતાની મસ્તીમાં એક ડાળીએથી બીજી ડાળીએ કૂદાકૂદ કરે. તેના પેટ નીચે બચ્ચું લટકતું હતું.કોયલ બહેન તો આ જોઈ હસવા લાગ્યાં અને પેલી વાંદરીને કહેવા લાગ્યાં :''અલી વાંદરી, તારૂં જીવન તો સાવ બોજ ઉપાડવામાં જ જશે. દિવસ-રાત તું તારા બચ્ચાને છાતીએ ચાંપી ઘૂમ્યા કરે છે. મારી સામું જો. હું કેવી આઝાદ છું ! હું તો બસ, સારાં સારાં ફળ ખાઉં છું ને



લોકોને મારા ટહુકાથી ખુશ કરૂં છું. ન પરિવાર કે ન કોઈ ઘેર. ન બચ્ચાં ઉછેરવાની ચિંતા કે ન માળો કરવાની ઝંઝટ, મારાં બચ્ચાં તો એય નિરાંતે ક્યાંક ઉછરતાં હશે ! ન બચ્ચાં કેળવવાની ચિંતા. આમ કહી કોયલ બહેન તો ફરી ગાવા લાગ્યાં : ''મીઠી મારી વાણી હું વસંતની રાણી, ના ઉછેરૂં બચ્ચાં હું હું તે કેવી શાણી !'' કોયલબહેનની આવી ઢંગઢડા વગરની વાત સાંભળી વાંદરી હસવા લાગી.વાંદરીને આમ હસતી જોઈ કોયલબહેન તો નવાઈ પામ્યાં. તેમણે ખિજાઈને પૂછ્યું : ''અલી વાંદરી, શીદ હસે છે ?''

ત્યારે વાંદરીએ શાંતિથી જવાબ આપ્યો :

''તારા જેવી અભાગણી પર હસવું ન આવે તો બીજું શું આવે ? આ જગતમાં માતૃત્વ જેવી બીજી કોઈ શ્રેષ્ઠ બાબત હોતી નથી. તને તો મળતી જ નથી એ એક વાત અને બીજી વાત આ બોજ નથી. આ તો મારૂં બાળક છે. તે મારૂં જ અંગ કહેવાય. તેનો કદી બોજ લાગે નહીં.''આમ કહી વાંદરીએ બીજી ડાળે કૂદકો માર્યો બિચારી કોયલ તો વિચારમાં ડૂબી ગઈ.તે ટહુકવાનું જ ભૂલી ગઈ. વાંદરી અને તેના બચ્ચાને પ્રેમભરી નજરે જોઈ જ રહી.

**('ભાવિક પરિષદ' – ડિસેમ્બર)**

# જંગલમેન

આમ તો દેખાવમાં એ સામાન્ય માણસ જેવો જ લાગે. કદી કોઈ સાથે બોલે નહિ, ખાસ ક્યાંય દેખાય નહિ, એની આંખો જરા વિચિત્ર લાગે. એની માણસો સામે જોવાની રીત અજીબ હતી. લોકો એના વિશે જાતજાતની વાતો કરતાં. કોઈ કહેતાં એ આદિવાસી જાતિનો માણસ છે એટલે બોલતાં આવડતું નથી, કોઈ કહેતાં એ મૂંગો છે. મોટાભાગે એ દિવસે દેખાતો જ નહિ, એનું વર્તન અને પહેરવેશ સામાન્ય કરતાં અલગ લાગતો. વળ ચડી ગયેલી લાંબા વાળની લટો કપાળ પાસે અને ખભે લટકતી હોય, લગભગ એક જ લાંબો ડગલો પહેરેલો હોય, ડગલાની લાંબી પહોળી બાંયોમાં હાથ અને હથેળી ના દેખાય પણ હા, એ નીકળે ત્યારે ડગલાનાં બંને લાંબા ખિસ્સામાં એના હાથ ગોઠવાયેલા હોય. હજુ સુધી લોકોને એના નામની ખબર નથી, કોઈ તો કહે એ પ્રેતાત્મા છે. રાતે ભયાનક જંગલમાં ફરતો હોય છે. એવું અહીંના વૃદ્ધો કહેતા. જંગલમાં રાતના સમયે જંગલ તરફ જતાં ઘણા લોકોએ જોયો છે અને વહેલી સવારે જંગલમાંથી આવતા પણ જોયો છે. ગામના વડીલો પણ કહેતા હોય કે ''અમે જોઈએ છીએ ત્યારથી એવડો જ લાગે છે. એના દેખાવથી એની ઉંમર દેખાતી નથી !.''ગામમાં એનું ઘર કે પરિવાર નહિ, પરંતુ દિવસેય જતાં બીક લાગે એવા ગાઢ – અડાબીડ જંગલમાં આ માણસ એકલો ફરતો હોય. એ જંગલમાં ક્યાં જાય છે, શું કરે છે. એ કોઈ જાણી જ ના શકે ! આ નાનકડું નેસડા જેવું ગામ, એમાં મોટાભાગે માલધારીઓ વસે. અહીંથી જ આ ગાઢ જંગલનો પ્રદેશ શરૂ થાય. આજુબાજુ થોડે સુધી પારવી કાંટાળી વાડ સુધી જયાં વાઘ, સિંહ, દીપડા જેવાં હિંસક પ્રાણીઓનો ડર દિવસે ના હોય એટલા વિસ્તારમાં અહીંના માલધારીઓ પોતાના માલ ચરાવવા જતા હોય છે. એમ તો અહીંના નેસમાં રહેતા લોકો પણ નીડર, છતાં સાવચેત રહે. રાતે હિંસક પ્રાણીઓની ભીતિ તો અહીં નેસમાં પણ રહે. જયારે આ માણસ તો રાતે જ અંધારામાં જંગલ તરફ ઓગળી જાય ! ઘણાં લોકો જંગલી એને માણસ તરીકે પણ ઓળખતાં. એક વાર અહીંની નજીકની પહાડીઓ પર સિંહ પરિવારે ધામા નાખ્યા. રાતે નેસમાંથી એક પશુનું મારણ કરીને એક આખી રાત અને આખો દિવસ આ સિંહ પરિવારે મિજબાની



ગોઠવી. લોકોમાં ફફડાટ વ્યાપી ગયો. ત્યારે એક વડીલે કહ્યું, પેલા જંગલી માણસને બોલાવી લાવો, એનાથી આ હિંસક પશુ ભાગે છે ! ''અને સાચે જ એવું જ થયું. એ જંગલી માણસ વહેલી સવારે જંગલની દિશામાંથી પાછો ફરતો હતો,ત્યારે એક માલધારી એને પકડી લાવ્યો. દૂરથી નેસની બાજુની પહાડી પર બેઠેલો સિંહ પરિવાર ડાંગના ઈશારે બતાવ્યો. પેલો સમજી ગયો અને મૂંગે મૂંગો ત્યાંથી ચાલીને પહાડોના એક પછી એક પથ્થર ઠેકાવતો, જાણે સીધી કેડી પર ચાલતો હોય એમ એ પહાડી ચડી ગયો. આ માણસને આવતો જોઈને સિંહ પરિવાર સાબદો થઈ જંગલ તરફ નાસવા લાગ્યો. આ કેતુક તો નેસના બધા લોકોએ જોયું. સે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! ''અરે ! આ માણસમાં એવું તે શું છે ? માત્ર એને જોઈને આટલો મોટો હિંસક પરિવાર નાસી ગયો ?''


પછી તો દિવસો સુધી એ જંગલી માણસ ગામમાં દેખાયો નહિ. અને છાશવારે દેખાતા સિંહ અને દીપડા પણ ફરકતા બંધ થઈ ગયા.

એક દિવસ એ જંગલી માણસનો લાંબો ડગલો જંગલના બાવળના ઠૂંઠા પર લટકતો કોઈકે જોયો. કેટલાકે અનુમાન લગાવ્યું કે એ માણસ પોતે જંગલી પ્રાણીઓનો શિકાર બની ગયો તો કોઈકે સાચે જ પ્રેત હોવાનું ઠેરવ્યું ! કેટલાય દિવસો સુધી નેસમાં એ જંગલી માણસના ટિંગાતા કોટની ચર્ચા ચાલી. કેટલાક બીકણ લોકો તો બધા સાથે મળીને કોટને બીતાં-બીતાં પણ એકવાર જોઈ લેવા આતુર બન્યાં. વળી બે દિવસ પછી કોટ ગુમ ! એ જ કોટ પહેરી એ માણસ પાછો ફર્યો. **(ક્રમશઃ)**


# ધન્ય ધરા ગુજરાતી

ભારત ભૂમિની શાન એવી ધન્ય ધરા ગુજરાતની.
છે વટ, વચન, સન્માન એવી ધન્ય ધરા ગુજરાતની.
ઉતંગ શિખર શોભતાં જયાં ગઢ જૂના ગિરનારના,
ગૂંજે સદા જય ગાન એવી ધન્ય ધરા ગુજરાતની.
ગાંધી અને સરદાર જેવાં માનવી જયાં અવતર્યા,
દુનિયા મહીં છે માન એવી ધન્ય ધરા ગુજરાતની.
સાગરકિનારે બેસણાં જયાં છે પ્રભાસે શિવનાં,
તાંડવ સરીખું તાન એવી ધન્ય ધરા ગુજરાતની.
છોડી બધો વૈભવ વસ્યો માધવ અમારાં દેશમાં,
વેણું તણું છે. ગાન એવી ધન્ય ધરા ગુજરાતની.
સાવજ, શૂરા, સંતો અને ઘેઘૂર જયાં વનરાઈ છે,
મબલખ ઉગે છે ધાન એવી ધન્ય ધરા ગુજરાતની.
નર્મદ તણી જયાં હાક ગૂંજે, રાગ હો કેદારનો,
સ્વાધીનતાની જાન એવી ધન્ય ધરા ગુજરાતની.
આપ્યાં અનેકો જેમણે બલિદાન આ ભૂમિ વિશે,
એ પાળિયાની શાન એવી ધન્ય ધરા ગુજરાતની.
દુનિયા ઘૂમી વણજું કરે, બળિયો બનીને એ સદા,
આપી પછી દે દાન, એવી ધન્ય ધરા ગુજરાતની.
દિલીપ ધોળકિયા 'શ્યામ'


# આ મારું ચિત્ર છે



**સાહીલ વાહીદભાઈ**
( ધો.૯, દિપક હાઈસ્કુલ)



**સોહલિયા જેન્સ વિપુલભાઈ**
( ધો.૧૧, દિપક હાઈસ્કુલ)



**પરમાર પિનલ રાજેન્દ્રભાઈ**
( ધો.૧૦, દિપક હાઈસ્કુલ)



**દલ શાહિંદ અમીનભાઈ**
(ધોરણ :૯, દિપક હાઈસ્કુલ રૂપાયતન)અમરેલી

# મોટા આંકડીયા જિલ્લા પંચાયત બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમારનો જબ્બરો આવકાર



અમરેલી જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકમાં ભાજપનાં યુવા ઉમેદવાર અન પ્રદેશ ભાજપનાં શૈલેષ પરમારનાં લઘુબંધુ ડેનીભાઈ પરમારે પ્રતાપપરા, નાના આંકડીયા, મોટા આંકડીયા સહિતના ગામોને ઝંઝાવાતી પ્રચાર કરીને ભાજપની વિકાસયાત્રામાં સૌને જોડાવવા હાંકલ કરી હતી. તેઓની સાથે તાલુકા પંચાયતની, મોટા આંકડીયા, નાના આંકડીયા, ગાવડકા, પ્રતાપપરા અને વડેરા બેઠકનાં ઉમેદવારો અને ભાજપનાં આગેવાનો જોડાયા હતા. અને ઠેર–ઠેર તેઓનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ભાજપનાં ઉમેદવારો ગ્રામ્ય કક્ષાનાં કરેલ વિકાસકાર્યોનું વર્ણન કરીને અન્ય વધારે વિકાસકાર્યો કરવાની ખાત્રી આપી હતી. તેઓએ કંઠમા, પીપલગ, મોટા આંકડિયા, નવા ખીજડીયા, ગાવડકા અને બાબાપુર ગામનો પ્રવાસ કર્યો જેમાં આગેવાનોની મુલાકાત લીધી સાથે ત્યારે સાથે પુર્વ સામાજિક ન્યાય સમિતિ ચેરમેન મુકેશભાઈ બગડા, પુર્વ તાલુકા પંચાયત ચેરમેન પ્રવિણભાઈ ચાવડા, કિશોરભાઈ મહેતા, પુર્વ સરપંચ રંગપુર હરિભાઈ ડાભી, રાજુભાઈ પરમાર સાથે રહ્યા હતા. જેમાં સુરેશભાઈ વાળા, જયંતિભાઈ ડાભી, હરેશભાઈ ભાસ્કર, નિકુલભાઈ માંડણકા, ગોવિંદભાઈ ચાવડા, સામતભાઈ મેવાડા, ગુલાબસિંહ યાદવ, રાજાભાઈ ગોંડલિયા, રમેશભાઈ ભાલાળા, પુર્વ સરપંચ રાઘવભાઈ સહિતના આગેવાનોને મળી ભાજપ તરફી મતદાન કરવા જણાવ્યું.






## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૯૦ | ૧૫૮૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૩૨૫ | ૧૮૨૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૪૦ | ૨૨૪૦ |
| ૪ | તલ કાળા | ૧૭૦૦ | ૩૯૪૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૭૭૦ | ૧૯૭૫ |
| ૬ | જુવાર | ૭૭૦ | ૮૨૫ |
| ૭ | ઘઉં બંસી | ૪૧૫ | ૪૧૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૩૮૦ | ૫૧૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૫ | ૪૦૫ |
| ૧૧ | મગ | ૧૦૩૦ | ૧૫૬૫ |
| ૧૨ | અડદ | ૧૪૭૦ | ૧૫૧૦ |
| ૧૩ | ચણા | ૮૮૦ | ૧૦૭૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૩૨૦ | ૧૪૭૦ |
| ૧૬ | તુવેર | ૭૬૫ | ૧૪૭૦ |
| ૧૭ | કપાસ | ૮૫૦ | ૧૭૮૦ |
| ૧૮ | એરંડા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| ૧૯ | જીરૂ | ૨૮૦૦ | ૪૧૦૦ |
| ૨૦ | રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨૧ | રાય | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ૨૨ | ધાણા | ૨૧૫૦ | ૨૪૫૫ |
| ૨૩ | ધાણી | ૧૮૭૦ | ૩૧૪૦ |
| ૨૪ | અજમા | ૧૫૫૦ | ૨૨૭૦ |
| ૨૫ | મેથી | ૯૪૦ | ૧૨૧૫ |
| ૨૬ | સોયાબીન | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૭ | મરચા લાંબા | ૧૮૭૦ | ૬૭૪૦ |
| ૨૮ | વરીયાળી | ૧૫૦૦ | ૨૩૫૦ |
| ૨૯ | કાંગ | ૪૫૦ | ૪૭૦ |
| ૩૦ | સુવાદાણા | ૧૫૦૫ | ૧૫૦૫ |

પાના ૮ ઉપરનું ચાલું **રૂપિયા ૩૪ હજારની છેતરપીંડી**

આપી બસ ભાડે આપવા માટે વિાસમાં લઈ અને યુવકનાં મોબાઈલમાં સ્કેનર મોકલી યુવકના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ૩૪,૪૯૯.૯૭ ઉપાડી લઈને આરોપીઓએ પોતાનો મોબાઈલ નંબર સ્વીચ ઓફ કરીને, યુવક સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ધારી તાલુકાના ગરમલી (ચરખા) ગામે ભોળાનાથના મંદિર પાસે રહેતાં રવિરાજભાઈ ચંપુભાઈ જેબલીયા નામનાં ૩૦ વર્ષીય યુવક ચલાલા ગામે ભીમનાથ લોજની સામે બાપા સીતારામ નામે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતા હોય જેમાં તેઓ ટ્રાવેલ્સ (લકઝરી બસ) ભાડે આપતા હોય. ત્યારે આરોપીએ આનંદકુમાર ઈન્ડીયન આર્મીના મોબાઈલ નંબર ૯૩૨૯૫ ૭૩૧૬૮ વાળાએ તા. ૨/૩/૨૬ના રોજ બપોરનાં ૨:૩૦ વાગ્યે યુવકને ફોન કરીને, હું આર્મી ઓફીસર, અમરેલી એરપોર્ટથી બોલુ છુ તમો ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનુ કામ કરો છો ? ટ્રાવેલ્સ (લકઝરી બસ) ભાડે આપો છો ? જેથી યુવકે હા પડી પોતાની ટ્રાવેલ્સ બસ ભાડે આપવાની વાતચિત કરી હતી અને અમરેલી એરપોર્ટથી અમદાવાદ હનુમંત આર્મી કેમ્પનુ ટ્રાવેલ્સ ભાડુ રૂપિયા ૪૦,૦૦૦ નક્કી કરેલ હતું.

બીજે દિવસે ગત તા. ૩/૩/૨૬ના આર્મી ઓફીસર તરીકે ઓળખ આપનાર આનંદકુમાર નામના આરોપીએ તેમના મોટા ઓફીસર તરીકે આર્મી ઓફીસર કેપ્ટન પ્રવીણકુમાર મોબાઈલ નંબર ૮૭૫૬૧ ૭૬૬૦૩ વાળાનો મોબાઈલ નંબર યુવકને આપીને તેમની સાથે વાતચીત કરી અને યુવકને તેમના વ્હોટસપ મોબાઈલ નંબર ૮૮૪૯૦ ૮૯૫૩૩ પર આરોપીએ પ્રથમ રૂપિયા ૨ નુ સ્કેનર મોકલેલ હતું. જે યુવકે સ્કેનર સ્કેન કરતા યુવકના બેન્ક એકાઉન્ટ ખાતુ હોય તેમા રૂપિયા ૨ જમા થયેલ હોય. જેથી યુવકને આરોપીઓ સાચુ બોલે છે તે ખ્યાલ આવતા જ આરોપીઓએ યુવકના મોબાઈલ રૂપિયા ૩૪,૪૯૯.૯૭નુ સ્કેનર મોકલી તે સ્કેન કરીને તે સ્કેનરથી યુવકના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ૩૪,૪૯૯.૯૭ ઉપાડી લઈને આરોપીઓએ પોતાના મોબાઈલ નંબર સ્વીચ ઓફ કરીને યુવક સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૧૫ |
| ૩ | તલ સફેદ | ૧૫૨૧ | ૨૦૭૦ |
| ૪ | તલ કાળા | ૩૦૫૦ | ૩૭૬૦ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૩૮૬૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૩૭ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૧ | ૫૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૯ | બાજરો | ૪૨૨ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | – |
| ૧૧ | મગ | ૧૨૦૦ | – |
| ૧૨ | અડદ | ૧૦૫૦ | – |
| ૧૩ | ચણા | ૧૦૧૦ | ૧૦૭૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૨૦ |
| ૧૫ | તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૬ | એરંડી | ૧૧૮૦ | ૧૨૨૧ |
| ૧૭ | મેથી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | ધાણા | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૧૯ | કલોજી | ૨૬૦૦ | ૩૦૩૫ |

પાના ૮ ઉપરનું ચાલું **વિદેશી દારૂની ૨૦૧૬ બોટલ ઝડપાઈ**

પ્લાસ્ટીકની એક સરખુ પ્રવાહી ભરેલ ૧૮૦ એમ.એલની રીંગપેક કુલ બોટલ નંગ ૨૦૧૬ કિંમત રૂા.૩,૪૬,૧૭૬નાં પ્રોહી મુદ્દામાલ સાથે તથા મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂા.૮૦૦૦ તથા પીકઅપ નં.જીજે–૩૪–ટી–૧૨૩૭ કિંમત રૂા.૪,૫૦,૦૦૦માં હેરફેર કરી કુલ કિંમત રૂા. ૮,૦૪,૧૭૬ નાં મુદ્દામાલ સાથે આરોપી લલીત ઉર્ફ લાલો પકડાઈ જઈ તેમજ આરોપી ભાણો ઉર્ફ ચેતન બારૈયાએ વાહન સાથે આવી તેમજ એક અજાણ્યા આરોપીએ આ વાહનમાં ભરી આપી મદદગારી કરતાં પોલીસે ત્રણેય આરોપી સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.


સંકુલ ધો. ૧૨ A1 – ગ્રેડ ને 50% A2 – ગ્રેડ ને 25% ધો. ૧૧–૧૨ ની ભરેલ સ્કૂલ ફી – શરતી પરત

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

-Ad 013


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૦ | ૧૮૨૬ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૫૦ | ૧૪૬૦ |
| ૪ | જીરૂ | ૩૨૧૦ | ૪૦૮૦ |
| ૫ | ચણા | ૧૦૨૫ | ૧૦૫૫ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૭ | ધાણા | ૧૫૬૦ | ૨૪૦૦ |
| ૮ | તુવેર | ૧૨૨૦ | ૧૪૫૦ |
| ૯ | એરંડા | ૯૯૦ | ૧૨૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૩૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૬૫ | ૪૩૦ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૩૫ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૨૩૧૦ |
| ૬ | કલોંજી | ૨૮૯૫ | ૨૮૯૫ |
| ૭ | તુવેર | ૯૨૦ | ૧૪૨૦ |
| ૮ | ધાણી | ૧૪૦૦ | ૨૦૬૦ |
| ૯ | મગફળી | ૧૦૪૦ | ૧૪૦૦ |
| ૧૦ | મેથી | ૧૦૨૦ | ૧૦૫૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ૧૨ | રાયડો | ૯૧૦ | ૯૧૦ |
| ૧૩ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | સોયાબીન | ૯૬૫ | ૧૦૨૪ |
| ૧૭ | લસણ | ૨૦૦ | ૬૦૦ |
| ૧૮ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૯ | મકાઈ | ૩૮૦ | ૩૮૦ |






## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૬૧૦ |
| ૨ | મગફળી | ૧૦૦૫ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૩૯૫ | ૪૪૧ |
| ૪ | ચણા | ૧૦૦૩ | ૧૦૩૮ |
| ૫ | સફેદ ચણા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૬ | ધાણા | ૧૭૦૦ | ૨૪૧૦ |
| ૭ | તુવેર | ૧૨૦૫ | ૧૪૩૫ |
| ૮ | તલ | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૯ | એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૭૧૦ | ૧૭૧૭ |
| ૧૧ | મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૨૬ | ૨૧૭૫ |
| ૩ | તલ કાળા | ૨૮૨૫ | ૨૮૨૫ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૭૧૫ |
| ૫ | બાજરો | ૨૫૦ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૨૭ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૩૦ |
| ૮ | તુવેર | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૯ | ચણા | ૭૬૦ | ૧૦૫૫ |
| ૧૦ | ધાણા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૧ | મેથી | ૧૧૮૦ | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૩ | રાય | ૧૦૪૬ | ૧૩૧૫ |

# બ્રાહ્મણના જીવનમાં ભગવાન પરશુરામનું મહત્વ

ભારતીય સનાતન પરંપરામાં બ્રાહ્મણ વર્ણને જ્ઞાન, ત્યાગ અને સમાજ માર્ગદર્શનનું પ્રતિક માનવામાં આવે છે. આ વર્ણના



આદર્શ, પ્રેરણામૂર્તિ અને શકિતપુંજ સમાન છે ભગવાન પરશુરામ. વિષ્ણુના છઠ્ઠા અવતાર, ભૃગુકુળ ભૂષણ, ચિરંજીવી અને બ્રાહ્મણ યોદ્ધા એવા પરશુરામનું જીવન દરેક બ્રાહ્મણ માટે દીવાદાંડી સમાન છે. તેઓએ સિદ્ધ કર્યુ કે બ્રાહ્મણત્વ માત્ર પૂજા-પાઠ કે કર્મકાંડ પૂરતું સીમિત નથી. બ્રાહ્મણ શસ્ત્ર અને શાસ્ત્ર બંનેનો સ્વામી છે. સમય આવે ત્યારે તે સમાજ ની રક્ષા માટે પરશુ પણ ઉઠાવી શકે છે. બ્રાહ્મણના વ્યકિતગત, સામાજિક અને આધ્યાત્મિક જીવનમાં પરશુરામનું મહત્વ શું છે, તેને વિસ્તારથી સમજીએ.

**૧. બ્રાહ્મણત્વની સાચી વ્યાખ્યા : બ્રહ્મતેજ + ક્ષાત્ર-તેજ**

શ્રી પરશુરામ ભગવાન જમદગ્નિ ઋષિના પુત્ર, વેદ-વેદાંગના જ્ઞાતા, મહાન તપસ્વી હતા. સાથે જ ભગવાન શિવ પાસેથી પરશુ, ધનુર્વિદ્યા અને યુદ્ધકળા મેળવીને અજેય યોદ્ધા બન્યા. તેમનું જીવન બ્રાહ્મણને શીખવે છે કે બ્રહ્મતેજ એટલે જ્ઞાન, ચારિત્ર્ય, તપ અને ક્ષાત્ર-તેજ એટલે શૌર્ય, પરાક્રમ, અન્યાય સામે લડવાની ક્ષમતા. બંનેનો સમન્વય જ પૂર્ણ બ્રાહ્મણત્વ છે. મનુસ્મૃતિ કહે છે : " શસ્ત્રેણ રક્ષિતે રાષ્ટ્રે શાસ્ત્રચિંતા પ્રવર્તતે." એટલે કે શસ્ત્રથી રક્ષિત રાષ્ટ્રમાં જ શાસ્ત્રનું ચિંતન થઈ શકે. જો બ્રાહ્મણ પોતાનું અને સમાજનું રક્ષણ ન કરી શકે તો તેનું જ્ઞાન નિરર્થક બની જાય. પરશુરામ ભગવાને આ સિદ્ધાંતને જીવી બતાવ્યો. તેથી આજના બ્રાહ્મણ યુવાને માત્ર ગ્રંથ જ નહીં, વ્યાયામ, સ્વરક્ષણ અને રાષ્ટ્ર રક્ષાની તાલીમ પણ લેવી જોઈએ. આ જ પરશુરામ ભગવાનની સાચી પૂજા છે.

**૨. સ્વાભિમાન અને અસ્મિતાના રક્ષક**

ત્રેતાયુગમાં જ્યારે હૈહયવંશી રાજા કાર્તવીર્ય સહસ્ત્રાર્જુને અહંકારમાં આવીને મહર્ષિ જમદગ્નિના આશ્રમ પર આક્રમણ કર્યુ, કામધેનુ ગાયનું હરણ કર્યુ અને ઋષિની હત્યા કરી, ત્યારે સમસ્ત બ્રાહ્મણ સમાજ ભયભીત થઈ ગયો હતો. ક્ષત્રિય રાજા દ્વારા બ્રાહ્મણની હત્યા એ ધર્મની મર્યાદાનો ભંગ હતો. આ સમયે પરશુરામ ભગવાને એકલા હાથે પ્રતિકાર કર્યો. તેમણે પોતાના પિતાના શરીર પરનાં એકવીસ ઘાને જોઈને તેને અનુલક્ષીને પ્રતિજ્ઞા લીધી કે પૃથ્વીને ૨૧ વખત ક્ષત્રિયો વિહોણી કરી નાંખશે અને કરી પણ ખરા.

આ પ્રસંગ દરેક બ્રાહ્મણને શીખવે છે કે જ્યારે આપણી અસ્મિતા, આપણા ધર્મ અને આપણા સ્વાભિમાન પર આક્રમણ થાય ત્યારે મૌન રહેવું યોગ્ય નથી. ભગવાન શ્રી પરશુરામ બ્રાહ્મણ સમાજના સ્વાભિમાનના પ્રતીક બન્યા. તેમણે દુનિયાને બતાવ્યું કે બ્રાહ્મણનો ક્રોધ જ્યારે જાગે ત્યારે પ્રલય સર્જી શકે છે. આજે પણ જ્યારે બ્રાહ્મણ સંસ્કૃતિ, મંદિરો કે પરંપરાઓ પર આક્રમણ થાય છે, ત્યારે બ્રાહ્મણ સમાજે પરશુરામનો આવેશ અને તેજ યાદ રાખવું જોઈએ. સહિષ્ણુ બનીએ અને પરાક્રમી બનીએ.

**૩. આદર્શ ગુરૂ અને વિદ્યા દાનની મર્યાદા**



**ડો. મિલી ધવલ ઠાકર**
**અમરેલી**

પરશુરામ ભગવાન મહાન ધનુર્ધર ગુરૂ હતા. ભીષ્મ પિતામહ, ગુરૂ દ્રોણ અને કર્ણ જેવા મહારથીઓ તેમના શિષ્યો હતા. તેઓએ વિદ્યા દાનનો એક કડક નિયમ બનાવ્યો હતો. તેમની પ્રતિજ્ઞા હતી કે તેઓ શસ્ત્રવિદ્યા માત્ર બ્રાહ્મણને જ આપશે. કારણ કે તેઓ એવું માનતા કે બ્રાહ્મણ પાસે વિવેક, ધર્મ-બુદ્ધિ અને ત્યાગ હોય છે. વળી, યોગ્ય વ્યકિતના હાથમાં સત્તા અને શકિત જાય તો પૃથ્વીને વિનાશથી બચાવી શકાય છે. કર્ણ પ્રસંગ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. કર્ણે જૂઠું બોલીને પોતાને બ્રાહ્મણ ગણાવી વિદ્યા પ્રાપ્ત કરી. જ્યારે ભેદ ખુલ્યો ત્યારે પરશુરામે શાપ આપ્યો કે જરૂરિયાતના સમયે તારી વિદ્યા તને દગો દેશે. આ પ્રસંગ બ્રાહ્મણ સમાજને બે બોધ આપે છે. પ્રથમ, ગુરૂ તરીકે બ્રાહ્મણે વિદ્યાર્થીની પાત્રતા, નિયત અને ચારિત્ર્ય ચકાસવું જોઈએ. બીજું, વિદ્યાર્થી તરીકે બ્રાહ્મણે હંમેશા સત્યનિષ્ઠ રહેવું જોઈએ. ગુરૂ સાથે કપટ કરનારનું જ્ઞાન ક્યારેય પણ યોગ્ય ફળ આપનારૂ હોતું નથી. આજના શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા બ્રાહ્મણોએ પરશુરામ ભગવાન જેવી ગુરૂ નિષ્ઠા અપનાવવી જોઈએ.

**૪. ત્યાગ, અપરિગ્રહ અને નિસ્પૃહતાનો આદર્શ**

પરશુરામ ભગવાનના જીવનનું સૌથી મોટું આશ્ચર્ય તેમનો ત્યાગ છે. ૨૧ વખત પૃથ્વીને જીત્યા પછી તેઓ ચક્રવર્તી સમ્રાટ બની શકતા હતા. અઢળક સંપત્તિ, સત્તા અને વૈભવ તેમના ચરણોમાં હતા. પરંતુ ક્ષણના વિલંબ વિના તેમણે સમસ્ત પૃથ્વીનું દાન મહર્ષિ કશ્યપને કરી દીધું. પોતે રહેવા માટે જમીન પણ ન રાખી, તેથી સમુદ્ર પાસે નવી ભૂમિ માંગવી પડી. ત્યારબાદ મહેન્દ્ર પર્વત પર તપ કરવા ચાલ્યા ગયા.આ પ્રસંગ બ્રાહ્મણ વર્ણના મૂળભૂત મૂલ્ય 'અપરિગ્રહ'ને ઉજાગર કરે છે. બ્રાહ્મણનો ધર્મ સંગ્રહ કરવાનો નહીં, સમાજને આપવાનો છે. જ્ઞાન, તપ અને ત્યાગથી જ બ્રાહ્મણ પૂજનીય બને છે. સત્તા અને સંપત્તિ ક્ષણિક છે. પરશુરામ ભગવાન શીખવે છે કે ધર્મકાર્ય માટે લડો, વિજય મેળવો, પણ તે વિજયને વળગી ન રહો. કર્તવ્ય પૂરૂં થયે નિર્લેપ થઈ જાઓ. આજના સમયમાં જ્યારે ભૌતિકવાદ વધ્યો છે, ત્યારે બ્રાહ્મણ સમાજે ભગવાન પરશુરામનો આ ત્યાગમય આદર્શ ફરી અપનાવવાની જરૂર છે. બ્રાહ્મણની પ્રતિષ્ઠા તેના બેંક બેલેન્સથી નહીં, તેના ચારિત્ર્ય અને ત્યાગથી નક્કી થાય છે.

**૫. પિતૃભકિત અને માતૃભકિથનું સંતુલન**

જમદગ્નિની આજ્ઞાથી માતાનું શિરચ્છેદ કરી અને પછી વરદાનમાં માતાને સજીવન કરવાની કથા તો આપ સૌએ સાંભળી જ હશે. આ બંને પ્રસંગો પરશુરામના જીવનમાં ભકિતના બે પાસાં બતાવે છે. પિતાની આજ્ઞાનું પાલન એ પિતૃભકિત છે. પણ સાથે જ માતા પ્રત્યેની કરૂણા અને પ્રેમ એ માતૃભકિત છે. તેમણે બંને વચ્ચે સુંદર સંતુલન સાધ્યું.બ્રાહ્મણ સંસ્કૃતિમાં માતા-પિતા અને ગુરૂને દેવતુલ્ય માન્યા છે. "માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવોભવ." શ્રી પરશુરામ આ સૂત્રના જીવંત ઉદાહરણ છે. તેઓ શીખવે છે કે ધર્મસંકટના સમયે કર્તવ્યપથ પસંદ કરો, પરંતુ હૃદયમાં કઢણા ક્યારેય મરવા ન દો. આ સંતુલન જ બ્રાહ્મણને ઋષિ બનાવે છે.

**૬. સર્જક અને સંસ્કૃતિના સ્થાપક**

ભગવાન શ્રી પરશુરામે ઋષિ કશ્યપને પૃથ્વી દાન કર્યા પછી તેમણે સમુદ્ર પાસેથી નવી ભૂમિનું સર્જન કર્યુ. આજનું કોંકણ, ગોવા અને કેરળ નો કાંઠા વિસ્તાર "પરશુરામ ક્ષેત્ર" કહેવાય છે. તેમણે ત્યાં બ્રાહ્મણોને વસાવ્યા, તેમને કૃષિ, આયુર્વેદ અને યજ્ઞકર્મ શીખવ્યા. કેરળમાં ૧૦૮ શિવાલય અને ૧૦૮ દુર્ગાલય સ્થાપ્યા. ક્ષત્રિયોનો નાશ કર્યા પછી સમાજમાં સત્તાનો ખાલીપો ન સર્જાય તે માટે તેમણે નવી વ્યવસ્થા ઊભી કરી.

આ બ્રાહ્મણના "સંસ્કૃતિ નિર્માતા" સ્વરૂપને દર્શાવે છે. બ્રાહ્મણનું કાર્ય સમાજનું ઘડતર કરવાનું છે. જ્યાં જાય ત્યાં જ્ઞાન, સંસ્કાર અને વ્યવસ્થાનું નિર્માણ કરે. આજના બ્રાહ્મણે પણ શિક્ષણ, સંશોધન, સાહિત્ય અને સમાજસેવા દ્વારા નવી સૃષ્ટિનું નિર્માણ કરવું જોઈએ. વિનાશ પછી નિર્માણ, આ જ પરશુરામ માર્ગ છે.

**૭. ચિરંજીવી એટલે વિચારોનું અમરત્વ**

પરશુરામ ભગવાન આઠ ચિરંજીવીઓમાંના એક છે. તેઓ કળિ યુગના અંત સુધી મહેન્દ્ર પર્વત પરતપસ્યારત છે. ભવિષ્યમાં જ્યારે ભગવાન કલ્કિ અવતાર લેશે, ત્યારે પરશુરામ તેમના ગુઢ બનશે અને તેમને શસ્ત્રવિદ્યા શીખવશે. આ વાત બ્રાહ્મણો માટે ખૂબ મહત્વની છે. બ્રાહ્મણ શરીરથી મરે, પણ તેનું જ્ઞાન અને વિચાર અમર રહેવા જોઈએ. બ્રાહ્મણનું સાચું કાર્ય એવી ગુરૂ પરંપરા ઊભી કરવાનું છે કે એક યુગના અંતે પણ બીજા યુગના નાયકને માર્ગદર્શન મળી રહે. આજના બ્રાહ્મણે પણ એવું જ્ઞાન, એવા સંસ્કાર અને એવા ગ્રંથોનું સર્જન કરવું જોઈએ કે આવનારી પેઢીઓને દિશા મળતી રહે. તમારૂં શરીર નાશવંત છે, પણ તમારો વિચાર ચિરંજીવી બનો.

**૮. આધુનિક બ્રાહ્મણ માટે શ્રી પરશુરામનો સંદેશ**

આજનો સમય પડકારજનક છે. કેટલાક લોકો બ્રાહ્મણત્વને માત્ર જનોઈ અને કર્મકાંડ પૂરતું સીમિત માને છે. પરંતુ ભગવાન શ્રી પરશુરામનો નીચે પ્રમાણેનો જીવનસંદેશ પરાકાષ્ઠા નો માર્ગ બતાવે છે :

**૧. શાસ્ત્ર સાથે શસ્ત્ર :** માત્ર ધાર્મિક કર્મકાંડ નહીં, બૌદ્ધિક, આર્થિક, તકનીકી અને શારીરિક રીતે સક્ષમ બનો. સ્વરક્ષણ અને રાષ્ટ્ર-રક્ષા માટે તૈયાર રહો.

**૨. ત્યાગી છતાં તેજસ્વી :** પૈસા કમાઓ, પણ તેના દાસ ન બનો. સમાજ માટે જીવો. જ્ઞાનનું દાન કરો. વિરક્તિને પણ સમય અને સંજોગો અનુસાર જીવનમાં સ્થાન આપવું.

૩. **અન્યાય સામે અવાજ :** સમાજમાં જ્યાં અન્યાય દેખાય ત્યાં મૌન ન રહો. અધર્મ જ્યારે માથું ઊંચકે ત્યારે શસ્ત્ર ઉઠાવવું ધર્મ છે. કલમ હોય કે કાયદો, યોગ્ય માધ્યમથી પ્રતિકાર કરો.

**૪. ગુરૂપદને લાંછન ન લાગે :** શિક્ષક, અધ્યાપક, સંશોધક કે ધર્મગુરૂ તરીકે કામ કરતા હો તો વિદ્યાની પવિત્રતા જાળવો. પાત્રતા પ્રમાણે જ્ઞાન આપો. વિદ્યા ગ્રહણ કરનાર વિદ્યાર્થીએ પણ સત્યનિષ્ઠ રહેવું.

**૫. સર્જન કરો :** ફરિયાદ કરવાને બદલે સમાધાન આપો. નવી સંસ્થા, નવું સાહિત્ય, નવું સંશોધન, નવા સંસ્કાર ઊભા કરો.

**૬. બ્રહ્મ અને ક્ષાત્રનું સંતુલન :** જ્ઞાન વગરની શકિત આંધળી છે અને શકિત વગરનું જ્ઞાન પાંગળું છે. બંનેનો સમન્વય જીવનમાં જરૂરી છે.

ભગવાન પરશુરામ એ માત્ર બ્રાહ્મણોના ઈષ્ટદેવ નથી, તેઓ બ્રાહ્મણત્વની પરિભાષા છે. તેઓ બતાવે છે કે બ્રાહ્મણ ડરપોક નથી, તે ધર્મયોદ્ધા છે. તે ભિક્ષુક નથી, તે ત્યાગી સમ્રાટ છે. તે માત્ર ભૂતકાળ નો પંડિત નથી, તે ભવિષ્યના કલ્કિનો ગુરૂ છે. જ્યાં સુધી બ્રાહ્મણના હાથમાં ગ્રંથ સાથે પરશુ નહીં હોય, ત્યાં સુધી સમાજમાં ધર્મની સ્થાપના અધૂરી રહેશે. તેથી દરેક બ્રાહ્મણે ગર્વથી કહેવું જોઈએ : "અમે પરશુરામના વંશજ છીએ. અમારામાં શાસ્ત્રનું તેજ અને શસ્ત્રનું જોશ બંને છે." પરશુરામ જયંતી એટલે માત્ર ઉત્સવ નહીં, આત્મનિરીક્ષણનો દિવસ છે. તે દિવસે દરેક બ્રાહ્મણે સંકલ્પ લેવો જોઈએ કે તે પોતાના જીવનમાં પરશુરામના એકાદ મૂલ્યને તો ચોક્કસ જીવશે. અહીં ભગવાન પરશુરામનું જીવન મહાભારતની ઉકિત – "ધર્મો રક્ષતિ ધર્મ :" ને સાર્થક કરે છે. ભગવાન પરશુરામના ચરણોમાં કોટી કોટી વંદન.

**જય ભગવાન પરશુરામ. જય બ્રહ્મતેજ. જય ક્ષાત્રતેજ.**

### જિલ્લાનાં માર્ગો ઉપર સતત અકસ્માતની ઘટના

# લાઠી-ચાવંડ માર્ગ ઉપર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે અકસ્માત : યુવકનું મોત

**મૃતક બોટાદ ગામનાં લાલજીભાઈ ચૌહાણ હોવાનું બહાર આવ્યું**





અમરેલી, તા. ૧૭

લાઠી-ચાવંડ માર્ગ ઉપર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતાં બોટાદનાં બાઈક સવાર લાલજીભાઈ ચૌહાણ નામનાં ૩૬ વર્ષિય યુવકનું કમકમાટી ભર્યુ ઘટનાસ્થળે જ મોત થયેલ.

માર્ગ પર પસાર થઈ રહેલ કેબિનેટમંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ કાર રોકી મૃતદેહને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરેલ.


**વેચવાનું છે-ફાર્મ હાઉસ**

લીલુંછમ્મ આંબાવાળું, ફળદ્રુપ જમીન ધરાવતું તૈયાર ફાર્મ હાઉસ જે ચિત્તલ-બાબરા હાઈવે રોડથી ૧ કી.મી. અંદર દરેક વાહન જઈ શકે તેવો રોડ

- ૧૬ વીઘા જમીન ફરતી બીમકોલમ ઉપર બેલાવાળી ૬ ફુટની ઊંચાઈવાળી દિવાલ
- ૮૦ ફુટ કુવો
- ૨૦x૪૦ ફુટનું પાકું મકાન તેમજ ગોડાઉન તથા રસોડું
- પાણીનો ટાંકો તથા ગૌશાળા
- ૬૫૦ ફુટનો બોર (૨૪ કલાક પાણી)
- ૩૦ ફુટ પતરાનો શેડ
- ૨૫ HPનું લાઈટ કનેકશન તથા સાથે મોટું કુદરતી બારેમાસ પાણીથી ભરેલ તળાવ આ ફાર્મ હાઉસ વ્યાજબી ભાવે વેચવાનું છે.


સંપર્ક
અનિલસિંહ જનવાર
મો. ૯૪૨૬૮ ૩૧૨૪૧






## બાબરાનાં બે જુડવા પુત્રો છેલ્લા ૭ વર્ષથી કરે છે ભગવાન સૂર્યદેવનાં ઉપવાસ

બાબરા, તા. ૧૭,બાબરામાં રેહતા અને અને અમરાપુર ધાણાની ગામનાં વતની શિવરાજભાઈ વાળાનાં જુડવા પુત્રો વિશ્વરાજ અને વિશ્વજીત છેલ્લા ૭ વર્ષથી ભગવાન શ્રી સૂર્યદેવનાં નકોડા ઉપવાસ કરીને દાદાનાં આશીર્વાદ પ્રાપ્ત કરી ધયન્યતા અનુભવે છે.વર્ષોથી ચાલી આવતી પરંપરા છે જેમાં ગુજરાત અને ગુજરાત બાર વસતાં સમગ્ર કાઢી ક્ષત્રિય સમાજનાં તમામ લોકો આ પર્વ પર સાડા ત્રણ દિવસનાં ભગવાન શ્રી સૂર્યનારાયણનાં ઉપવાસ કરે છે અને સાડા ત્રણ દિવસ અમુક પાણી ચા અને લીંબુ સરબત પીઈને ઉપવાસ કરે છે તો અમુક સવારે ઉઠીને પાણી અને ચા અને સરબત પીઈને છેક આરતી બાદ પાણી પીવે છે.આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે અને જેમાં વડીલો અને યુવાનો ઉપવાસ રાખતા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

હતા હવે નાના બાળકો પણ ઉપવાસ રાખીને ભગવાન શ્રી સૂર્યનારાયણનાં આશીર્વાદ પ્રાપ્ત કરી રહિયા છે .વિશ્વરાજ અને વિશ્વજીત ૫ વર્ષનાં હતા ત્યારથી ઉપવાસ કરે છે. હાલ બને જુડવા ભાઈઓ ૧૨ વર્ષનાં થયા છે અને હજુ દાદાનાં ઉપવાસ કરીને ધન્યતા અનુભવે છે.આ બને ભાઈઓએ નાની ઉંમરમાં ઉપવાસ કરીને સમગ્ર કાઢી સમાજનું ગૌરવ વધરાર્યુ છે.

### શ્રી શૂરવીર નાગાજણ દાદાનાં દેવસ્થાને

# ખાંભાના ધાતવડધામ ખાતે કાયમી અન્નક્ષેત્રનો શુભારંભ કરાયો

**સાધુ, સંતો અને આગેવાનો ઉપસ્થિત રહયા**

ખાંભા, તા. ૧૭

ખાંભા તાલુકાનાં પવિત્ર ધાતવડ ધામ ખાતે મકવાણા પરિવાર સંચાલિત શ્રી શૂરવીર નાગાજણ દાદાનાં દેવસ્થાને શ્રી નાગાજણ દાદા ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા કાયમી અન્નક્ષેત્રનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.


આ પ્રસંગે સંતો-મહંતો, જ્ઞાતિનાં આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા અને ધાર્મિક વાતાવરણ વચ્ચે અન્નક્ષેત્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાયમી અન્નક્ષેત્ર શરૂ કરવાનો મુખ્ય હેતુ એ છે કે કોઈપણ વ્યક્તિ ભૂખી ન રહે તેમજ ધામે દર્શનાર્થે આવતા યાત્રાળુઓ, રાહદારીઓ અને નિરાધાર લોકોને નિ:શુલ્ક ભોજન મળી રહે. આ સેવાકાર્ય દ્વારા માનવતા અને સેવા ભાવનાને વધુ મજબૂત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.





શ્રી નાગાજણ દાદા ગૌ સેવા ટ્રસ્ટ ખાંભા શહેરમાં સેવા કાર્ય માટે આગવું સ્થાન ધરાવે છે અને દરેક સમાજ માટે અડધી રાત્રે પણ મદદ માટે સજ્જ રહે છે. ટ્રસ્ટનાં પ્રમુખ નરેશભાઈ મકવાણા સહિત ટ્રસ્ટીનાં સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ટ્રસ્ટનાં આ સેવાકાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં હનુમાનજી આશ્રમની અનોખી પહેલ : પક્ષીઓ માટે ૧,૦૦૦ પાણીના કુંડાનું વિતરણ









સાવરકુંડલા શહેરમાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ દ્વારા ઉનાળાની તીવ્ર ગરમીમાં પક્ષીઓ માટે અનોખી સેવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. આશ્રમ દ્વારા કુલ ૧,૦૦૦ પીવાના પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેને લઈ શહેરમાં માનવતા અને જીવદયા પ્રત્યેની લાગણી સ્પષ્ટ રીતે જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકો આ અભિયાનમાં જોડાયા હતા અને પોતાના નિવાસસ્થાન પર કુંડાઓ લઈ જઈ પાણી ભરવાની કામગીરી શરૂ કરી હતી. હનુમાનજી આશ્રમ સાથે સંકળાયેલા સતીશ પાંડે જણાવ્યું હતું કે, આ સેવા કાર્ય છેલ્લા ઘણા વર્ષોથી સતત કરવામાં આવી રહ્યું છે. આશ્રમ માત્ર ધાર્મિક પ્રવૃત્તિઓ પૂરતું સીમિત નથી, પરંતુ સામાજિક અને માનવસેવાના કાર્યોમાં પણ અગ્રેસર રહ્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું અત્યંત જરૂરી બને છે, કારણ કે શહેરોમાં વૃક્ષોની સંખ્યા ઘટતા અને પાણીના કુદરતી સ્ત્રોતો સુકાતા પક્ષીઓ માટે જીવવું મુશ્કેલ બની જાય છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજકોટથી ખાસ પીવાના પાણીના કુંડા મગાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમાં તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આશ્રમ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી હતી કે તેઓ આ કુંડાઓ પોતાના ઘરની છત, અગાસી અથવા બાલ્કનીમાં મૂકી તેમાં રોજ પાણી ભરે, જેથી પક્ષીઓ સરળતાથી પાણી પી શકે. આ અભિયાનમાં માત્ર સામાન્ય નાગરિકો જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ અને શાળાઓ પણ જોડાઈ હતી. શહેરની અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓને કુંડાઓ આપવામાં આવ્યા હતા અને તેમને પણ પક્ષીઓ માટે પાણી રાખવાની પ્રેરણા આપવામાં આવી હતી. આ રીતે નાની વયથી જ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ અને જીવજંતુઓ પ્રત્યે કરુણા અને જવાબદારીની ભાવના વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સતીશ પાંડે વધુમાં જણાવ્યું હતું કે, હનુમાનજી આશ્રમ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી સતત વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેમાં પક્ષીઓ માટે પાણીના કુંડા વિતરણ ઉપરાંત ૫,૧૦૦થી વધુ શ્રીફળ પૂજન જેવી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી છે. આશ્રમનો મુખ્ય હેતુ માત્ર માનવ સેવા નહીં પરંતુ દરેક જીવ પ્રત્યે સહાનુભૂતિ અને સેવા ભાવના વિકસાવવાનો છે. આ સમગ્ર પહેલને લઈને શહેરમાં લોકોએ પણ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. ઘણા લોકો પોતાના પરિવાર સાથે આ સેવા કાર્યમાં જોડાયા હતા અને પોતાના ઘરોમાં પાણીના કુંડાઓ સ્થાપિત કર્યા હતા. આ પ્રકારની પ્રવૃત્તિઓ શહેરમાં સામાજિક એકતા અને સહકારની ભાવના મજબૂત બનાવે છે. ઉનાળના સમયમાં પક્ષીઓ માટે પાણી ઉપલબ્ધ કરાવવું એ નાની લાગતી પરંતુ અત્યંત મહત્વપૂર્ણ સેવા છે. સાવરકુંડલામાં હનુમાનજી આશ્રમ દ્વારા હાથ ધરાયેલ આ પહેલ અન્ય શહેરો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.

તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે
કેશલેસ સારવાર
24/7 Emergency Services
GUVNL
ડો. કલ્પેશ વઘાસિયા
MBBS,DCH (Pedia)
બાળરોગ નિષ્ણાંત
ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને
આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

# સાવરકુંડલાનાં થોરડી ગામની ગ્રામ પંચાયતનું મકાન પડવાનાં વાંકે ઉભુ છે

**એક તરફ વિકાસ, વિકાસ અને વિકાસની ગુલબાંગો અને બીજી તરફ ગ્રામ પંચાયતનું મકાન બિસ્માર હાલતમાં**

**નજીકમાં જ આંગણવાડી કેન્દ્ર હોય ભુલકાઓ રમતાં હોય અકસ્માતની ઘટના બને તો જવાબદારી કોની**

**મીડિયા જગતે અગાઉ પણ વહીવટીતંત્રનું ધ્યાન દોરેલ છતાં કોઈ નક્કર કામગીરી થતી નથી**

**ઉચ્ચ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓએ રૂબરૂ મુલાકાત લઈને નવા મકાન માટે કાર્યવાહી કરવી જરૂરી બની**



તસ્વીર : રસુલખાન પઠાણ–થોરડી

થોરડી, તા. ૧૭

સાવરકુંડલાનાં થોરડી ગામની ગ્રામ પંચાયતની કચેરીનું ૧૫–૧૬ વર્ષ પહેલા બનેલ મકાન સાવ જર્જરિત હાલતમાં હોય અને નજીકમાં જ આંગણવાડી કેન્દ્ર હોય નાના ભુલકાઓની આવન–જાવન રહેતી હોય અકસ્માતની કોઈ ઘટના બને તે પહેલા શાસકોએ રૂબરૂ મુલાકાત લઈને નવું મકાન બનાવવા માટે જરૂરી કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ગામજનોમાંથી ઉભી થવા પામી છે.

એક તરફ જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ માહોલ જામી રહ્યો છે. જેમાં સત્તા પક્ષનાં આગેવાનો વિકાસ, વિકાસ અને વિકાસની વાતો કરી રહ્યા છે અને બીજી તરફ ગામજનો માટે અતિ મહત્વની ગણાતી ગ્રામ પંચાયત કચેરીનું મકાન પડવાનાં વાંકે ઉભુ છે.

આ અંગે મીડિયા જગતે પણ અગાઉ અહેવાલ પ્રસિધ્ધ કરીને શાસકોનું ધ્યાન દોરેલ છતાં પણ કોઈને ચિંતા ન હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

### ગારિયાધાર અને જેસર તાલુકાનાં ઈસમનું કારસ્તાન

## અમરેલી જિલ્લામાં વેચાણ કરવાનાં ઈરાદે લઈ અવાતી વિદેશી દારૂની ૨૦૧૬ બોટલ ઝડપાઈ

**પોલીસે કુલ 3 આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૧૭

ગારીયાધાર ગામે પચ્છેગામ રોડ ઉપર રહેતાં લલીત ઉર્ફ લાલો પરશોતમભાઈ જમોડ તથા જેસર તાલુકાનાં ઝડકલા ગામે રહેતાં ભાણો ઉર્ફ ચેતન બારૈયાએ ગત તા. ૧૬નાં રોજ રાત્રે ૨:૩૦ વાગ્યે પીપરડી ગામે ગુજરાત બહારથી ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ આયાત કરી ચૂંટણીનાં માહોલમાં અમરેલી જીલ્લામાં વેચાણ કરવાનાં ઈરાદે એક પીકઅપ નં. જીજે–૩૪–ટી–૧૨૩૭માં ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડનાં વિદેશી દારૂની

અનુસંધાન પાના ૬ ઉપર

સુશ્રુત
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર
તથા પંચકર્મના નિષ્ણાંત
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

### અજાણ્યા ઈસમ દ્વારા આર્મી ઓફિસર તરીકે ઓળખ આપીને

## ધારીનાં ગરમલી (ચરખા) ગામનાં યુવક સાથે રૂપિયા 34 હજારની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૭

ધારી તાલુકાના ગરમલી (ચરખા) ગામે ભોળાનાથના મંદિર પાસે રહેતાં યુવકને કોઈ અજાણ્યા ઈસમે આર્મી ઓફિસર તરીકે ઓળખ

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Sales Co - Ordinator - 4
• Reporting Manager - 1
• Sales & Marketing Officer - 3
• Senior Account - 1
• Liaisoning Officer - 1
• Data Entry Operator - 2
• Cashier - 2
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. સાગર બરાસરા
એન્ડોકાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ, થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૧૮/૦૪/૨૦૨૬- શનિવારે, સવારે ૯ થી ૨
ડો. મૈત્રેય જોષી
યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વંધ્યત્વના રોગોના નિષ્ણાંત
તા. ૧૮/૦૪/૨૦૨૬- શનિવારે, સાંજે ૫ થી ૬
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

LG Life's Good.
GREAT SUMMER MAHOTSAV
અક્ષય તૃતીયાના શુભ દિવસે ઘરે લાવો ખુશાલી,
મેળવો આકર્ષક ઓફર્સ અને એશ્યોર્ડ ઇન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ માત્ર LG બેસ્ટ શોપમાં
BEST SHOP EXCLUSIVE OFFER
50% Off
26% Cashback
888
0 Down Payment
ASSURED GIFT
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)